RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 249* Date: 06.07.2020 * Monday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### છેલ્લા ૨૪ કલાકમાં ૨૪,૮૫૦ નવા કેસ, ૬૧૩ દર્દીના મોત

# દેશમાં કોરોનાનો આતંકઃ દર કલાકે ૧ હજાર કેસ..!!

**ભારત કોરોનાના સૌથી વધુ કેસ મામલે રશિયાથી માત્ર ૬૧૧ કેસ જ પાછળ, દુનિયામાં સૌથી વધુ કોરોના પ્રભાવિત દેશમાં અમેરિકા પહેલા અને બ્રાઝીલ બીજા સ્થાને**




ન્યુ દિલ્હી,તા.૫

અનલોક-૨માં અપાયેલી છૂટછાટો જાણે કે સત્તાવાળાઓ માટે મુશીબત બની રહી હોય તેમ અનલોક-૨ના ચોથા દિવસે એટલે કે ૪ જુલાઇ શનિવારની રોજ સમગ્ર દેશમાં ૨૪ હજાર કરતાં વધારે કેસો નોંધાયા હતા. અન્ય રીતે કહીએ તો દર કલાકે ૧ હજાર અને દર મિનિટે ૧૭ કેસો નોંધાયા હતા. આજે રવિવારે સવારે પૂરા થયેલા છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં રેકોર્ડબ્રેક સમાન ૨૪,૮૫૦ નવા કોરોનાવાયરસ કેસ નોંધાયા હતાં. આ સાથે જ દેશમાં કોરોનાગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૬,૭૩,૧૬૫ પર પહોંચી ગઈ છે. અને જો આ જ રીતે કેસો વધશે તો એકાદ-બે દિવસમાં કેસોની સંખ્યા ૭ લાખ પર પહોંચી શકે તેમ છે. આ જ સમય ગાળામાં વધુ કુલ ૬૧૩ લોકોના મોત થયા છે. જેના પગલે કુલ મૃત્યુઆંક વધીને ૧૯,૨૬૮ પર પહોંચી ગયો છે. દેશમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૭ ટકા પર પહોંચી ગયો છે જે એક રાહત સમાન કહી શકાય. આ ઉપરાંત ૪ જુલાઈના રોજ ૨,૪૮,૯૩૪ લોકોના ટેસ્ટ કરાયા હતા. જ્યારે, મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨,૦૦,૦૬૪ પર પહોંચી છે. જ્યારે, દેશની રાજધાની દિલ્હીમાં હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યા સતત ઘટી રહી હોવાનો દાવો મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આજે સવારે ટ્વીટ કરીને કર્યો હતો. બેંગ્લુરુમાં સતત કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં વધારો અને બીજા લોકડાઉનના ભયના કારણે લોકો બેંગ્લુરુ છોડીને પોતાના વતન પરત ફરી રહ્યા છે.

દેશમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૬,૭૩,૧૬૫ પર પહોંચી છે અને ૧૯,૨૬૮ લોકોના મોત થયા છે. ૪,૦૯,૦૮૩ લોકો સાજા થઈ ગયા છે અને ૨,૪૪,૮૧૪ એક્ટિવ કેસ છે. દેશમાં કોરોના વાયરસનો રિકવરી રેટ ૬૦.૭૭ ટકા પર પહોંચી ગયો છે જે એક રાહતના સમાચાર છે. આ જીવલેણ વાયરસથી સાજા થનારા લોકોની સંખ્યા વધીને ૪,૦૯,૦૮૩ પર પહોંચી ગઈ છે. ભારતમાં કોરોના વાયરસના હવે ૨ લાખ ૪૪ હજાર ૮૧૪ એક્ટિવ કેસ છે. કોરોનાથી અત્યાર સુધી દેશભરમાં ૧૯,૨૬૮ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે. બીજી તરફ, ૪ લાખ ૦૯ હજાર ૦૮૩ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે.

મહારાષ્ટ્રમાં કોરોના સંક્રમિતોની સંખ્યા ૨,૦૦,૦૬૪ પર પહોંચી છે. બીજા નંબર પર રહેલા તમિલનાડુમાં ૧,૦૭,૦૦૧ પર સંક્રમિતોની સંખ્યા પહોંચી છે.

બેંગ્લુરુમાં સતત કોરોના વાયરસના પોઝિટિવ કેસમાં વધારો અને બીજા લોકડાઉનના ભયના કારણે લોકો બેંગ્લુરુ છોડીને પોતાના વતન પરત ફરી રહ્યા હોવાના અહેવાલ છે. શનિવારે શહેરની બહાર જતા રોડ પર ભારે ટ્રાફિક જોવા મળ્યો હતો. ફરી એકવાર લોકડાઉન લગાવાશે તેવા ગણગણાટ વચ્ચે લોકોએ પોતાના વતન પરત જવાનું શરુ કર્યું છે.

સમગ્ર દેશમાં મહારાષ્ટ્રમાં કોરોનાથી સૌથી વધારે મોત થયા છે. મહારાષ્ટ્રમાં ૮૬૭૧, દિલ્હીમાં ૩૦૦૪, ગુજરાતમાં ૧૯૨૫, તમિલનાડુમાં ૧૪૫૦, મધ્યપ્રદેશમાં ૫૯૮, આંધ્રપ્રદેશમાં ૨૧૮, અરૂણાચલ પ્રદેશ ૧, આસામમાં ૧૪, બિહારમાં ૮૯, ચંદીગઢમાં ૬, છત્તીસગઢમાં ૧૪, હરિયાણામાં ૨૬૦, હિમાચલ પ્રદેશમાં ૧૧, જમ્મુ-કાશ્મીરમાં ૧૨૭, ઝારખંડમાં ૧૭, કર્ણાટકમાં ૩૩૫, કેરળમાં ૨૫, મેઘાલયમાં ૧, ઓડિશામાં ૩૪, પુડુચેરીમાં ૧૨, પંજાબમાં ૧૬૨, રાજસ્થાનમાં ૪૪૭, તેલંગાણામાં ૨૮૮, ઉત્તરાખંડમાં ૪૨, ઉત્તરપ્રદેશમાં ૭૭૩ અને પશ્ચિમ બંગાળમાં ૭૩૬ લોકોના મોત થયા છે.

બીજી તરફ, ઈન્ડિયન મેડિકલ રિસર્ચ કાઉન્સિલ (આઈસીએમઆર)ના જણાવ્યા મુજબ, ૪ જુલાઈના રોજ ૨,૪૮,૯૩૪ લોકોની ટેસ્ટિંગ કરવામાં આવી હતી. દેશમાં અત્યાર સુધી ૯૭,૮૯,૦૬૬ લોકોના ટેસ્ટ કરાયા છે.

દિલ્હીમાં કોરોનાના કુલ કેસો વધીને ૯૭,૨૦૦, ગુજરાતમાં ૩૫,૩૧૨, તેલંગાણામાં ૨૨,૩૧૨, કર્ણાટકમાં ૨૧,૫૪૯ અને રાજસ્થાનમાં ૧૯,૫૩૨ સંક્રમિત દર્દીઓ નોંધાયા છે.

દરમ્યાનમાં, દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રવિવારે ટ્વિટ કરીને જણાવ્યું કે, રાજધાનીમાં હોસ્પિટલમાં દાખલ થનારા દર્દીઓની સંખ્યા સતત ઘટી રહી છે. વધુમાં વધુ લોકો ઘરે રહીને સાજા થઈ રહ્યા છે. ગત સપ્તાહે દરરોજ ૨૩૦૦થી વધુ દર્દી સામે આવ્યા હતા. હોસ્પિટલમાં ૯૯૦૦ બેડ હજુ પણ ખાલી છે.

કર્ણાટકના કુલબર્ગીમાં આજે પૂર્ણ લોકડાઉન જોવા મળી રહ્યું છે. રાજ્ય સરકારે આખા રાજ્યમાં ૨ ઓગસ્ટ સુધી દરેક રવિવારે લોકડાઉનની જાહેરાત કરી છે.

ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું કે, ચાર જુલાઈ સુધી ૯૭ લાખ ૮૯ હજાર ૬૬ ટેસ્ટ કરાયા છે. શનિવારે એક દિવસમાં ૨ લાખ ૪૮ હજાર ૯૩૪ સેમ્પલ ટેસ્ટ કરાયા હતા.

મહારાષ્ટ્રમાં શનિવારે એક દિવસમાં સૌથી વધુ થાણેમાં ૨,૨૮૫, મુંબઈમાં ૧,૩૭૫ અને પૂણેમાં ૧,૦૨૨ કેસ સામે આવ્યા હતા. અહીંયા સૌથી મોટી ઝૂંપડપટ્ટી વિસ્તાર ધારાવીમાં શુક્રવારે કોરોના વાઈરસ સંક્રમણના આઠ નવા કેસ સામે આવ્યા હતા સાથે જ અહીંયા સંક્રમિતોની સંખ્યા વધીને ૨૩૦૯ થઈ ગઈ છે.

## પુલવામામાં આતંકીઓનો CRPFના કાફલા પર હુમલો, ૧ જવાન ઘાયલ



)પુલવામા,તા.૫

જમ્મુ-કાશ્મીરના પુલવામામાં ફરીથી એક વખત સીઆરપીએફના કાફલા પર આતંકવાદીઓએ હુમલો કર્યો છે. જેમાં કાફલા પર આઇઇડી બ્લાસ્ટ કરવામાં આવ્યા બાદ ફાયરિંગની ઘટનામાં સીઆરપીએફનો એક જવાન ઈજાગ્રસ્ત થયો છે. આ હુમલો પુલવામાના ગંગૂ વિસ્તારમાં થયો છે. હાલ સુરક્ષાબળોએ સમગ્ર વિસ્તારને કોર્ડન કરીને સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે.

પુલવામા હુમલાની જેમ જ આ વખતે પણ સીઆરપીએફના કાફલાને ટાર્ગેટ કરવાની યોજના હતા. આ માટે આતંકવાદીઓએ હાઈવે પર એક આઇઇડી બ્લાસ્ટ લગાવ્યો હતો. જેમાં ઓછી તિવ્રતાનો વિસ્ફોટ થયો હતો. જેની અડફેટમાં સીઆરપીએફ કાફલાનું એક વાહન આવી ગયું હતું. જો કે આ બ્લાસ્ટ ઓછી તીવ્રતાનો હોવાના કારણે વધારે નુક્સાન નથી થયું, પરંતુ એક જવાન ઘાયલ થતાં તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

આ આતંકવાદી હુમલા બાદ પુલવામામાં હાઈએલર્ટ જાહેર કરી દેવામાં આવ્યું છે અને લોકોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ ફરમાવાયો છે. હાલ ઘટના સ્થળે સેનાની રાષ્ટ્રીય રાઈફલ્સ અને જમ્મુ-કાશ્મીર પોલીસના જવાનોએ મોટાપાયે સર્ચ અભિયાન શરૂ કર્યું છે.

જણાવી દઈએ કે, સુરક્ષા એજન્સીઓ પાસે પહેલાથી જ બાતમી હતી કે, આતંકવાદીઓ સીઆરપીએફના કાફલા પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યાં છે. ગત મહિને કાશ્મીરના આઈજી વિજય કુમારે પણ જણાવ્યું હતું કે, પાકિસ્તાનના ઈશારે આતંકવાદીઓ સેનાના જવાનોના કાફલા પર મોટા હુમલાની યોજના બનાવી રહ્યાં છે.

### ગુજરાત પર મેઘો મહેરબાન

## છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૮ તાલુકામાં વરસાદ



અમદાવાદ,તા.૫

ગુજરાતમાં ચોમાસુ ભરપુર બેસી ગયુ છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૮ તાલુકામાં વરસાદ પડ્યો છે. આજે સમગ્ર ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની હવામાન વિભાગની આગાહી પણ છે.રાજ્યમાં વરસાદી માહોલ જોવા મળી રહ્યો છે. રાજ્યમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક ધોધમાર વરસાદ વરસ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૯૮ તાલુકામાં વરસાદ પડ્યો છે. રાજ્યમાં સૌથી વધારે કોડિનારમાં ૬ ઈંચ વરસાદ ખાબક્યો છે. લખતરમાં ૩.૫ ઈંચ, જાફરાબાદમાં ૩.૫ ઈંચ, વડિયામાં પોણા ૩ ઈંચ, વ્યારામાં ૨.૫ ઈંચ વરસ્યો છે. જ્યારે બાબરામાં ૨.૫ ઈંચ, તાલાલામાં ૨.૫ ઈંચ, ડભોઈમાં ૨.૫ ઈંચ, બાવળામાં ૨.૫ ઈંચ, ડેડિયાપાડામાં સવા ૨ ઈંચ અને વાંકાનેરમાં સવા ૨ ઈંચ વરસાદ થયો છે. રાજ્યમાં હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી આગાહી મુજબ સૌરાષ્ટ્રમાં મૂશળધાર વરસાદ વરસ્યો છે. વરસાદની તોફાની બેટીંગ રાજ્યના સૌરાષ્ટ્રમાં શરૂ છે. સવારે ૬.૦૦ વાગ્યાથી રાજ્યનાં સૌરાષ્ટ્રના અને દક્ષિણ ગુજરાતના થઈ ટોટલ રાજ્યના ૯૮ તાલુકામાં વરસાદ નોંધાયો છે. સૌથી વધારે વરસાદ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં નોંધાયો છે. દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં સવારે ૬.૦૦થી ૮.૦૦માં ૪૦ એમ.એમ. વરસાદ નોંધાયો છે.

સવારે ૬થી૮ વાગ્યા સુધીમાં નોંધાયેલા રાજ્યના આંકડા મુજબ દેવભૂમિ દ્વારકાના કલ્યાણપુરમાં ૪૦ એમ.એમ. અમરેલીના ધારીમાં ૩૯ એમ.એમ. ખાંભામાં ૩૭ એમ.એમ., જૂનાગઢના મેદરડામાં ૧૮ એમ.એમ. ભાવનગરના મહુવામાં ૧૫ એમ.એમ. જાફરાબાદમાં ૧૩ એમ.એમ. બોટાદના રાણપુરમાં ૧૩ એમ.એમ. જૂનાગઢના માંગરોળમાં ૧૦ એમ.એમ. બોટાદ શહેરમાં ૯ એમ.એમ, ગીરગઢડામાં ૯ એમ.એમ, વરસાદ નોંધાયા છએ. તો ૨૬ તાલુકામાં ૧થી૮ એમ.એમ. જેટલો વરસાદ નોંધાયો છે. આ વરસાદમાં સુરતના કામરજે, નવસારી શહેર અને સુરતના ઓલપાડ, નવસારીના જલાલપોર, અને વલસાડ શહેરમાં પણ વરસાદ નોંધાયો છે. આ પાંચ તાલુકાને બાદ કરતા બાકીના ૩૨ તાલુકા સૌરાષ્ટ્રના છે. આમ દક્ષિણ ગુજરાતથી સૌરાષ્ટ્રને મેઘરાજા ધમરોળી રહ્યા છે.

૨૪ કલાકમાં જૂનાગઢના માળીયામાં ૫ ઈંચદરમિયાન રાજ્યમાં સવારે ૬.૦૦ વાગ્યા સુધીના નોંધાયેલા ડેટા મુજબ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ જૂનાગઢા માળિયામાં નોંધાયો છે. માળિયામાં ૨૪ કલાકમાં ૧૨૧ એમએમ વરસાદ નોંધાયો છે જ્યારે કલ્યાણપુરમાં ૪.૧ ઈંચ વરસાદ નોંધાયો છે. તો ગીરસોમનાથના તાલાલામાં ૭૧ એમ.એમ. વરસાદ નોંધાયો છે. રાજકોટના જામકંડોરણામાં ૬૮ એમ.એમ. ગીરસોમનાથના કોડિનારમાં ૬૬ એમ.એમ. વલસાડમાં ૬૪ એમ.એમ. અને વેરવાલમાં ૬૩ એમ.એમ વરસાદ નોંધાયો છે. સવારે ૬.૦૦ વાગ્યા સુધી ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૯૪ તાલુકામાં વરસાદ નોંધાયો છે.

## મુંબઈ મેઘ કૃપા, નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા

મુંબઇ,તા.૫

મહારાષ્ટ્રમાં સતત ત્રીજા દિવસે મુંબઈ, ઠાણે અને કોંકણ ક્ષેત્રમાં મેઘકૃપા યથાવત્ રહી છે જેને પગલે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે. મુંબઈમાં રવિવારે સવારથી મેઘો મંડાતા શહેરજનો ખુશખુશાલ થઈ ગયા હતા. હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સુધી શહેર તેમજ પરાં વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ પણ આપ્યું છે. રાજ્યોના છૂટાછવાયા ભાગોમાં અતિ ભારે વરસાદ પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.

ભારે વરસાદને પગલે મધ્ય મુંબઈના હિન્દમાતા વિસ્તાર તેમજ પૂર્વનો પરા વિસ્તાર ચેમ્બુર પાણીમાં ગરક થઈ ગયો છે. દક્ષિણ મુંબઈના કાબામાં રવિવાર સવાર સુધીમાં ૧૨૯.૫ એમએમ વરસાદ પડ્યો હતો. જ્યારે સાંતાક્રુઝમાં પણ ૨૦૦.૮ એમએમ વરસાદ નોંધાયો હતો.મુંબઈના વાશી વિસ્તારમાં પણ ભારે વરસાદથી ઠેર ઠેર પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગના મતે રવિવાર બપોરે દરિયામાં પણ કરંટ જોવા મળી શકે છે અને હાઈ ટાઈડને પગલે ૪.૬૩ મીટર સુધી ઊંચા મોજા ઉછળવાની સંભાવના છે. બીએમસીએ મુંબઈગરાઓને દરિયાકાંઠા નજીક નહીં જવા તેમજ કામ વગર બહાર નહીં નિકળવા સલાહ આપી છે.

મુંબઈ નજીક આવેલા ઠાણે અને સિંધુદુર્ગ સહિત આસપાસના કોંકણ વિસ્તારમાં ભાર વિરસાદ પડ્યો હોવાના અહેવાલ છે. વિદર્ભમાં પણ મેઘ મહેર થતા ગ્રામ્ય વિસ્તારના લોકોમાં હર્ષની લાગણી જોવા મળી રહી છે. શનિવારે મુંબઈ શહેરમાં ભારે વરસાદને પગલે ઠેર ઠેર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

## કાનપુર એન્કાઉન્ટરઃ પોલીસને મોટી સફળતા, વિકાસ દુબેનો સાથી દયાશંકર ઝડપાયો

કાનપુર,તા.૫

કાનપુર પોલીસે બિકરૂ ગામમાં પોલીસ ટીમ પર હુમલો કરનારા ગેંગસ્ટર વિકાસ દુબેના સાથીદાર દયાશંકર અગ્નિહોત્રીની ધરપકડ કરી છે. કાનપુર પોલીસ અને દયાશંકર વચ્ચે આજે વહેલી સવારે ૪:૪૦ કલાકે કલ્યાણપુર થાણા ક્ષેત્રમાં અથડામણ થઈ હતી જેમાં દયાશંકરને પગમાં ગોળી વાગી હતી. ઉત્તર પ્રદેશ પોલીસે દયાશંકર અગ્નિહોત્રીના માથે ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ જાહેર કરેલું હતું.પોલીસ દ્વારા આપવામાં આવેલી વિગતો પ્રમાણે જવાહર પુરમ ક્ષેત્રમાં અથડામણ થઈ હતી અને આ વ્યક્તિના માથે ઉત્તર પ્રદેશ પોલીસે ૨૫,૦૦૦ રૂપિયાનું ઈનામ ઘોષિત કરેલું હતું. અથડામણ બાદ પોલીસે દયાશંકરની પ્રાથમિક સારવાર કરાવી છે અને તેની પુછપરછ માટેના પ્રયત્નો ચાલુ છે. પોલીસ દયાશંકર પાસેથી તેમની ટીમ પર હુમલો થયો તે સમયની અનેક મહત્વની જાણકારી મેળવી શકે તેમ છે.કાનપુર પોલીસે જણાવ્યું કે, પોલીસ ટીમે દયાશંકરને ઘેરીને સરેન્ડર કરવા કહેલું પરંતુ તેણે દેશી તમંચા વડે પોલીસ સામે ફાયરિંગ શરૂ કર્યું હતું. તે સમયે પોલીસ દ્વારા જવાબી કાર્યવાહી કરવામાં આવી હતી અને બંને તરફથી થયેલા ક્રોસ ફાયરિંગમાં દયાશંકરના પગે ગોળી વાગતા તે ઘાયલ થયો હતો.

કાનપુરના બિકરૂ ગામમાં આઠ પોલીસ કર્મચારીના મોત માટે જવાબદાર વિકાસ દુબેનું પગેરૂં મેળવવા પોલીસ આભ જમીન એક કરી રહી છે. પોલીસે વિકાસ દુબેના માથે રાખવામાં આવેલા ઈનામની રકમ ૫૦,૦૦૦થી વધારીને ૧ લાખ રૂપિયા કરી દીધી છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૭૨૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૩૬૧૨૩**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૮**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૪૮૬**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૨૫૯૦૦**

## તંત્રી સ્થાનેથી...

# વિકાસ દુબે : ખતરનાક ગેંગસ્ટર

કાનપુરમાં વિકાસ દુબેની ધરપકડ કરવા ગયેલી પોલીસ ટીમ પર થયેલા જબરદસ્ત હુમલામાં આઠ પોલીસકર્મી માર્યા ગયા અને સાત પોલીસકર્મી ગંભીર રૂપે ઘાયલ થઈ ગયા.માર્યા ગયેલાઓમાં બિલ્હોરના પોલીસ ક્ષેત્ર અધિકારી દેવેન્દ્ર મિશ્ર અને એસઓ શિવરાજપુર મહેશ યાદવ પણ સામેલ છે. વિકાસ દુબેની ધરપકડ કરવા માટે આ ટીમ ગઈ હતી. વિકાસ ઉપર ન માત્ર ગુનાઓના ગંભીર આરોપ છે પણ સાથે જ ડઝનબંધ કેસ પણ નોંધાયેલા છે. રાજકીય પક્ષોમાં પણ વિકાસ દુબેની ખાસ્સી પહોંચ હોવાનું કહેવાય છે.કાનપુરના ચૌબેપુર થાણામાં વિકાસ દુબે વિરુદ્ધ કુલ આઠ કેસ નોંધાયેલા છે, જેમાં હત્યા અને હત્યાની કોશિશ જેવા અનેક ગંભીર કેસ પણ સામેલ છે.કાનપુરના પોલીસ મહાનિરીક્ષક મોહિત અગ્રવાલે જણાવ્યું કે જે મામલામાં પોલીસ વિકાસ દુબેને ત્યાં પગેરું દબાવતી ગઈ હતી તે પણ હત્યાથી જોડાયેલો હતો અને વિકાસ દુબેનું એમાં પણ નામ છે.ચૌબેપુર થાણામાં નોંધાયેલા કેસના આધારે કહી શકાય છે કે પાછલા લગભગ ત્રણ દાયકાઓથી અપરાધની દુનિયા સાથે વિકાસ દુબેનું નામ જોડાયેલું છે. અનેકવાર વિકાસ દુબેની ધરપકડ પણ થઈ પરંતુ અત્યાર સુધી કોઈ પણ કેસમાં સજા થઈ નથી.કાનપુરમાં સ્થાનીય પત્રકાર પ્રવીણ મહોતા જણાવે છે, વર્ષ ૨૦૦૧માં વિકાસ દુબે પર થાણાની અંદર ઘૂસી ભાજપના નેતા અને રાજ્યમંત્રીનો દરજ્જો ધરાવતા સંતોષ શુક્લાની હત્યા કરવાનો આરોપ લાગ્યો.સંતોષ શુક્લાની હત્યા એક હાઈપ્રોફાઈલ હત્યા હતી. આટલી મોટી ઘટના હોવા છતાં પણ કોઈપણ પોલીસકર્મીએ વિકાસ વિરુદ્ધ જુબાની ન આપી. કોર્ટમાં વિકાસ દુબે વિરુદ્ધ કોઈ સાક્ષી રજૂ ન કરી શકાયો જેથી એને એને છોડી મૂકવામાં આવ્યો.આ ઉપરાંત વર્ષ ૨૦૦૦માં કાનપુરના શિવલી થાણા ક્ષેત્ર સ્થિત તારાચંદ ઈન્ટર કૉલેજના સહાયક પ્રબંધક સિદ્ધેશ્વર પાંડેયની હત્યાના આ મામલામાં પણ વિકાસ દુબેનું નામ આવ્યું હતું.પોલીસ ફરિયાદ મુજબ વર્ષ ૨૦૦૦માં વિકાસ દુબે ઉપર રામબાબુ યાદવની હત્યાના મામલામાં ષડયંત્ર રચવાનો આરોપ પણ લાગ્યો હતો. કહેવાય છે કે આ ષડયંત્ર વિકાસે જેલમાંથી જ રચ્યું હતું.વર્ષ ૨૦૦૪માં કેબલના એક ધંધાર્થીની હત્યામાં પણ વિકાસ દુબેનું નામ સામે આવ્યું હતું. પોલીસના અનુસાર આમાંથી અનેક મામલાઓમાં વિકાસ દુબે જેલ થઈ છે પરંતુ સતત જામીન પર છૂટી જાય છે.વર્ષ ૨૦૧૩માં પણ વિકાસ દુબેનું નામ હત્યાના એક કેસમાં સામે આવ્યું હતું એટલું નહીં વર્ષ ૨૦૧૮માં વિકાસ દુબે પર પોતાના પિતરાઈ ભાઈ અનુરાગ પર પણ જીવલેણ હુમલો કરવાનો આરોપ લાગ્યો હતો. જેમાં અનુરાગનાં પત્નીએ વિકાસ સહિત ચાર લોકો વિરુદ્ધ એફઆઈઆર નોંધાવી હતી.પ્રવીણ મહોતા જણાવે છે, દરેક રાજકીય પક્ષમાં વિકાસ દુબેની પહોંચ છે અને આ જ કારણ છે કે આજ સુધી એને પકડી નથી શકાયો. પકડવામાં આવે તો પણ કેટલાક દિવસોમાં જેલમાંથી બહાર આવી જાય છે.વિકાસ દુબેનું ગામ કાનપુરમાં બિઠુરનાં શીવલી થાણા ક્ષેત્રનું બિકરુ છે. ગામનું આ ઘર કિલ્લા જેવું બનાવી રાખ્યું છે અને વિકાસ દુબેની મરજી વગર ઘરની અંદર કોઈ જઈ શકતું નથી એમ સ્થાનિક લોકોનું કહેવું છે.સ્થાનિકોનું કહેવું છે કે વર્ષ ૨૦૦૨માં જ્યારે રાજ્યમાં બહુજન સમાજ પાર્ટીની સરકાર હતી તે સમયે વિકાસ દુબેના નામનો સિક્કો ચાલતો હતો.બિકરુ ગામના જ રહેવાસી એક શખ્સ પોતાનું નામ ન જણાવવાની શરતે કહે છે કે આ દરમિયાન વિકાસે ન માત્ર ગુનાની દુનિયામાં પોતાનો દબદબો બનાવ્યો પણ સાથે જ પૈસા પણ ખૂબ બનાવ્યાં.ચૌબેપુર થાણામાં નોંધાયેલા તમામ મામલાઓ ગેરકાયદે રીતોથી જમીનના ખરીદ-વેચાણ સાથે પણ જોડાયેલા છે. આના જ દમ પર વિકાસ દુબેએ ગેરકાયદે કરોડો રૂપિયાની સંપત્તિ બનાવી છે. બિઠુરમાં જ એમની કેટલાક શાળા-કૉલેજો પણ ચાલે છે.બિકરુ ગામના લોકો જણાવે છે કે ન માત્ર પોતાના ગામમાં, પણ સાથે જ આજુ-બાજુના ગામોમાં પણ વિકાસનો દબદબો છે. જિલ્લા પંચાયત અને અનેક ગામોના ગ્રામ પ્રધાનની ચૂંટણીમાં વિકાસ દુબેની પસંદ અને નાપસંદ ઘણું વજન રાખે છે.ગામના એક વડીલ જણાવે છે, ×બિકરુ ગામમાં પાછલા ૧૫ વર્ષોથી તે નિર્વિરોધ પ્રધાન બની રહ્યા છે. જ્યારે કે વિકાસ દુબેના પરિવારના જ લોકો પાછલા ૧૫ વર્ષોથી જિલ્લા પંચાયતના સભ્યની ચૂંટણી જીતતા આવ્યા છે.ગામવાસીઓ પ્રમાણે વિકાસ દુબેના પિતા ખેડૂત છે અને તેઓ કુલ ત્રણ ભાઈઓ છે. જેમાંથી એક ભાઈની લગભગ ૮ વર્ષ પહેલાં હત્યા કરી દેવામાં આવી હતી. ભાઈઓમાં વિકાસ દુબે સૌથી મોટા છે. વિકાસનાં પત્ની ઋચા દુબે હાલ જિલ્લા પંચાયત સભ્ય છે.બિકરુ ગામના જ રહેવાસી એક વ્યક્તિ તેમનું નામ ન આપવાની શરતે જણાવે છે કે વિકાસ દુબે વિરુદ્ધ પોલીસથાણામાં ભલે ગમે એટલા કેસ નોંધાયેલા હોય પરંતુ ગામમાં વિકાસ દુબે વિશે ખરાબ બોલનાર કોઈ નહીં મળે અને ન તો કોઈ તેમના વિરુદ્ધ જુબાની આપે.તેમના અનુસાર વર્ષ ૨૦૦૦માં શિવલીની આસપાસના નગર પંચાયતના તત્કાલિન ચેરમેન લલ્લુ વાજપેયી સાથે વિવાદ પછી વિકાસ દુબેએ ગુનાની દુનિયામાં પગ મૂક્યો.ગામવાળાઓ પ્રમાણે વિકાસ દુબેના બે પુત્રો છે જેમાંથી એક ઈંગ્લૅન્ડમાં એમબીબીએસનો અભ્યાસ કરી રહ્યો છે, જ્યારે બીજો પુત્ર કાનપુરમાં જ રહીને અભ્યાસ કરી રહ્યો છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૦૬/૦૭/૨૦૨૦, સોમવાર
સૂર્યોદય-૬-૦૯, સૂર્યાસ્ત-૭-૩૪, જૈન નવકારશી-૭-૫૭,
આજની રાશિ : મકર (ખ.જ.), નક્ષત્રઃ ઉત્તરાષાઢા

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૧૦થી અમૃત-૭-૫૦ સુધી, ૯-૩૧ થી શુભ-૧૧-૧૧ સુધી, ૧૪-૩૨ થી ચલ-લાભ-અમૃત-ચલ-૨૦-૫૩ સુધી, ૨૩-૩૨થી લાભ-૨૪-૫૨ સુધી

**- શુભ હોરા-**
૬-૧૦થી ૭-૧૭ સુધી, ૮-૨૪ થી ૯-૩૧ સુધી, ૧૧-૪૫ થી ૧૫-૦૬ સુધી, ૧૬-૧૩ થી ૧૭-૨૦ સુધી

# આનર્તના અવધૂત સિધ્ધક્ષેત્રનાં સિદ્ધપુરુષ અલખના મહાયોગી પ.પૂ શ્રી દેવશંકર બાપા (ગુરૂમહારાજ)

ધ્રુવ દવે સિદ્ધપુર


સિદ્ધક્ષેત્ર (શ્રીસ્થળ)સિદ્ધપુરમાં એક સહસ્ત્ર વર્ષ પૂર્વે અણહિલપુર પાટણનાં સોલંકી રાજવી મૂળરાજ દેવે અત્રે રુદ્રમહાલયનું નિર્માણ કરી આ નગરને ઐતિહાસિક પુષ્ટિ ભલે આપી હોય..પરંતુ શ્રીસ્થળ સિદ્ધક્ષેત્ર અને માતૃગયા તીર્થ તરીકે છેક પુરાણકાળ થી પ્રસિદ્ધ ગણાય છે. ભગવાન કપિલ મુનિએ માતા દેવહુતિને જ્ઞાનબોધ દ્વારા આ પવિત્ર ધામમાં મુક્તિ આપી હતી. દેવતાઓના મોસાળ ગણાતા આજ શ્રીસ્થળની પવિત્ર ભૂમિમાં માતૃહત્યાનાં પાપ માંથી મુક્તિ મેળવવા માટે ભગવાન શ્રી પરશુરામે પણ આ શ્રદ્ધેય માતૃગયા તીર્થમાં આવી માતૃતર્પણ કરી માતૃ ઋણમાંથી મુક્તિ મેળવી હતી.આજ શ્રીસ્થળમાં કુંવારકનો કાંઠો સદાકાળ પાવનકારી રહ્યો છે.કાર્તિકી પૂનમે તો સરસ્વતીના પવિત્ર પટમાં ગંગા,યમુના,સરસ્વતીનો ત્રિવેણી સંગમ થતો હોવાની અનન્ય લોકશ્રદ્ધા વિધ્યમાન છે.તેમજ આ અંગેનુ શાસ્રોગત પ્રમાણ પણ છે.આ પાવન,પવિત્ર ભૂમિ શિવનગરી તરીકે પ્રચલિત છે અહીં પાંચ સ્વયંભૂ શિવાલય જેવા કે શ્રી અરવડેશ્વર,શ્રી બ્રહ્માંડેશ્વર,શ્રી વાલ્કેશ્વર શ્રી સિદ્ધેશ્વર,શ્રી વટેશ્વર

મહાદેવનાં અતિ પ્રાચીન શિવમંદિરો આવેલા છે. જેમાં લોકજીભે શ્રી અરવડેશ્વર મહાદેવ તરીકે પ્રસિદ્ધ તીર્થ સિદ્ધપુરનુ એક અનોખુ યાત્રાધામ બની જવા પામ્યુ છે.આ પાવનભૂમિ વીસમી સદીમાં થઇ ગયેલા એક મહાયોગીની તપોભૂમિનાં શુભનામ સાથે સંકળાયેલી છે..એવા પ્રાતઃસ્મરણીય પરમ પૂજ્ય દેવશંકર બાપા કે જેઓ ગુરુમહારાજ તરીકે સિદ્ધપુર સહીત લાખો કૃતજ્ઞ ભાવિકોના હૃદયમાં વસેલા છે..આ મહાત્મા એટલે અરવડેશ્વર ના અવધૂત,શિવત્વના મહા અધિકારી,અલખના અનન્ય આરાધક અને બ્રહ્મત્વના બેજોડ બ્રાહ્મણ...

પરમ પૂજ્ય દેવશંકર બાપા-ગુરૂમહારાજ...ઉચ્ચ સનાતની ઋષિ પરંપરાના વશિષ્ટ - વિશ્વામિત્રની પ્રતિમુર્તિસમા ગુરૂમહારાજે સિદ્ધપુર નગરની કુંવારીકા નદીના સામા કાંઠે શ્રી અરવડેશ્વર મહાદેવ તથા ભગવતી માં પ્રાચી સરસ્વતીનાં સાનિધ્યમાં પાંચ દાયકા સુધી માત્ર કૌપીન વસ્ત્ર ધારણ કરી તપશ્ચર્યા કરી હતી.સંવત ૧૯૭૯નાં ચૈત્ર માસમાં દેવશંકરબાપાનાં સહ ધર્મચારીણી અ.સૌ. ચંચળગૌરીબા એ અનંતની વાટ પકડી..ધર્મપત્નિની ઉત્તરક્રીયા હેમખેમ પાર પાડી બરાબર સોળમાં દિવસે આ યુવાને એક અફર નિર્ણય કર્યો ૧૯૭૯ નાં ચૈત્ર માસના કૃષ્ણ પક્ષની એકાદશીના દિવસે આ શિવલહેરી યુવાને મંડીબજાર મધ્ય બિરાજતા શ્રી ધૂંધલીમલ ગુરૂમહારાજ નાં દર્શન કરી... સરસ્વતિની વાટ ઝાલી લોકમાતા કુંવારકાનો પટ પસાર કરી સામા તટે પહોંચ્યા.સિદ્ધપુર તરફ આખરી નજર કરી લીધી અને અરવડેશ્વરનો ઓવારો પકડ્યો..માઁ સરસ્વતિને વંદી ત્યાગરાજ બોલી રહ્યા...માઁ તારો કિનારો ઓળંગી આ પાર આવ્યો છું..હવે તને ઓળંગી સિદ્ધપુરમાં નહી પ્રવેશુ....એક અફર નિર્ણય

..જાણે જોગીહઠ...એકલો જાને રે.....અલગારી ભક્તિવાન ઈશ્વરનિષ્ઠ યુવાન સ્વયંભૂ ભગવાન શ્રી અરવડેશ્વર મહાદેવનાં સાનિધ્ય માં જઈ ભગવાન નાં ચરણોનો સ્વીકાર કર્યો..ઔદુમ્બર વડ,બીલી અને વડના ઝાડ વચ્ચેનાં રમણિય પ્રકૃતિધામમાં સ્થાયી થયા.ભગવાનની સામે પદમાસન લગાવી તપોનિષ્ઠ યુવાન આયખા પર્યતં માટે શિવ સમર્પિત બની ગયો...પછી તો એ જ નદીસ્નાન...અર્ઘ્ય અંજલિ...સ્રોત્ર...સ્તવન્ ....ઈશ્વરની અટલ...અનન્ય અને અતુલનીય આરાધના, પ્રાણાયામ-ધ્યાન-સમાધિ, જ્ઞાનબોધ આ યુવાનનો જીવનઆશય બની રહ્યો. પૂ.બાપાએ તો ગૌમુખી અને માળા ગ્રહણ કરી ઈષ્ટમંત્ર નો જપ આદર્યો.માં ગાયત્રીનાં આ પરમ ઉપાસકે પવિત્ર કુંવારકા કાંઠે દૂધ ઉપર નિર્વાહ કરી કેટલાંય અનુષ્ઠાનો કર્યા. એક પછી એક વર્ષ વિતતુ ગયુ તપોનિષ્ઠા પ્રગાઠ બની રહી શિવ સ્મરણ સઘન બનતુ ગયુ.પર્ણકુટીનો આશ્રય પણ આ યુવાનને સ્વીકાર્ય નહોતો..ખુલ્લા આકાશ નીચે લંગોટ ધારણ કરી બ્રહ્માંડના સત્યને પામવા મથતા આ યુવાન યોગીરાજ હરક્ષણ ઈશ્વરની સમિપ પહોંચતો ગયા..તેઓ શ્રી સવારે પ્રાતઃ સાડા ત્રણથી ચારના બ્રહ્મમુર્હતમાં ઉઠી નિત્યક્રમ પતાવી સંધ્યા-વંદન-ગાયત્રી જપ સાધના કરતા હતા. ત્યારબાદ પ્રાતઃકાળે શ્રી અરવડેશ્વર મહાદેવનો પુણ્ય અભિષેક કરતા અને મધ્યાહને પુનઃસરસ્વતિ તીરે ખટ્કર્મ એટલે કે સૂર્યોપ્રસ્થાન બ્રભયરીતપેણ અને ગાયત્રી સ્મરણ કરતા હતા.ત્યાર બાદ આશ્રમે આવી માત્ર પધ્યપાન કરતા. ઘણા વર્ષોથી બાપા એ અન્નનો ત્યાગ કર્યો હતો અને માત્ર શરીરપોષણ માટે ફલાહાર-દૂધનો આહાર લેતા.ત્યારબાદ સાંજે ભક્તો,દર્શનાર્થી અને સંત્સગીઓ સાથે ધર્મ સત્સંગ અને વાર્તાલાપ કરતા.તેમજ સાંજે પુનઃ વેદો નારાયણો હરિ....એ ન્યાયે વેદાધ્યાયન કરતા. લગભગ અર્ધી સદીનું તપ તેમનાં વિશાળ તેજસ્વી ભાલપ્રદેશને સોહાવતું અને આ તપોમુર્તિનાં નયનના તેજરશ્મિથી સૌ દર્શનાર્થી પાવન થતા.દર્ભના આસન પર બેસી જપ કરતા કૌપિનધારી,ભસ્મધારી,

ત્રિપુંડધારી પૂ.બાપાનુ દર્શન ભક્તોને શિવજીનાં દર્શન જેવુ લાગતું.પૂ.બાપા સૂર્યોદય સમયે સરસ્વતિ નદીનાં નિર્મળ અને પવિત્ર જળમાં ઉભા રહી અંજલિ આપતા..ગાયત્રીમંત્રથી સૂર્યદેવતાને અર્દય આપતા પૂ.બાપાનુ દર્શન કરવુ તે ભક્તોનાં જીવનનો મહામૂલ્ય લ્હાવો



હતો. બાપાના પ્રત્યેક શ્વાસની સાથે ૐ નમઃ શિવાય..નમઃ શિવાય નો જાપ સતત ચાલ્યા કરતો.અરવડેશ્વર ધામમાં ભોંયરામાં શેષનાગ સાથે ઘણીવાર પ્રેમથી વાતો કરતા.તેમની ધ્યાનાવસ્થા માં શેષનાગને તેમની આસ પાસ ફરતા અનેક શિષ્યોએ જોયા છે.પૂ.બાપાની ગૌભક્તિ બેજોડ હતી. આશ્રમની એક ગૌમાતાની અંતિમ વેળાએ ગૌમાતાનાં પગ દબાવી એક જન્મદાત્રી માતાની જેમ સેવા કરતા અને ગૌમાતાના જવાથી આઘાત અને દુઃખની વેદનાથી ધ્રુસકે-ધ્રુસકે રડી પડેલાં પૂ.બાપાને તેમનાં શિષ્યો નિહાળેલાં છે. પૂ.બાપા પાસે આવનારા ભક્તો તેમની ભૌતિક સમસ્યાઓની વાતો કરતા ત્યારે પૂ.બાપા સર્વેનુ સમાધાન કરતા.ભક્તોને મંદિર કે પીપળાનાં સાનિધ્યમાં શ્રી વિષ્ણુ સહસ્ત્રનો પાઠ કરવાનુ કહેતા.આ પ્રમાણે અધ્યાપૂર્વક અનુસરનારા અનેક ભક્તોની સમસ્યા ઓ હલ થતી તથા અનેક લોકોનાં જીવનમાં આમૂલ પરિવર્તન થયેલુ જોવા-જાણવા મળ્યુ છે અને આજેય પણ પુરી આસ્થા સાથે આવનારા ભક્તો અવિરતપણે સુખ,શાંતિ અને સમાધાન પ્રાપ્ત કરે છે. જેના અનેકાનેક દાખલા છે. આ જગા ઉપર ભારતવર્ષ નાં તમામ પ્રકારનાં યજ્ઞો થયેલા છે.ભક્તો દ્ધારા અહીં બાપાની મુર્તિ મુકવામાં આવી છે.આ પવિત્ર સ્થળે બેસી ભક્તો દત્તાબાવની,વિષ્ણુ સહસ્ત્ર પાઠ,શિવમહિમ્ન સ્રોત્રમ્ નો પાઠ,ગાયત્રી પાઠ, શાંકમ્બરી સ્તૃતિનુ ભક્તિ ભાવપૂર્વક પઠન કરે છે.

પ.પૂ.ગુરૂમહારાજ (બાપા)નો જન્મ સિદ્ધપુર નિવાસી વેદંગરાય ભટ્ટનાં કુલીન પરિવારમાં થયો હતો તેમના પિતાનુ નામ હરગોવિંદરાય ભટ્ટ હતુ.

માતા મહાલક્ષ્મીના કુખે દેવશંકર બાપાનો જન્મ કાર્તિક માસના કૃષ્ણપક્ષની ચોથ (સંકટ ચતુર્થી તા.૧૫-૧૧-૧૮૮૬) ને ગુરુવાર નાં રોજ સવારે નવ કલાકે થયો હતો.તેઓશ્રી એ બાલ્યાવસ્થા માં સંસ્કાર-શિક્ષણ પિતા શ્રી હરગોવિંદરાય ભટ્ટ પાસે પ્રાપ્ત કર્યા બાદ પિતાની જ ઈચ્છા થકી તેઓ બનારસ કાશીમાં રહી વેદ વેદાંત વ્યાકરણ જ્યોતિષ ઉપનિષદ વગેરેનો અભ્યાસ કરી ગુરુકૃપા પ્રાપ્ત કરી હતી.પ.પૂ.બાપા એ કરેલી પ્રગાઢ તપશ્ચર્યાનાં જુદા-જુદા અરસામાં ગુરૂબાપા પાસે આરએસએસ નાં શ્રી માધવ સદાશિવ ગોલ્વરકર (ગુરૂજી),પૂ.બ્રહ્મર્ષિ દેવનરાયજી (રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદનાં ગુરુજી) નાનાજી દેશમુખ,અનંતરાવ કાલે,સત્ય મિત્યાનંદજી, ચારેય પુરીનાં શંકરાચાર્યો, આઠવલેજી પાડુંરંગદાદા, શ્રી શુકદેવજી અવતારી ગણાતા પ્રસિદ્ધ કથાકાર રામચંન્દ્ર ડોંગરેજી મહારાજ,રંગ અવધૂતજી મહારાજ(નારેશ્વર ધામ), હિમાલય નિવાસી શ્રી સત્યદેવજી મહારાજ,પૂ. સચ્ચિદાનંદજી મહારાજ જેવા અનેક સંત-મહાત્મા ઓ દર્શને આવતા અને ધર્મોજ્ઞાનનું આદાન-પ્રદાન કરતા.એક મુનિ મહારાજ સને ૧૯૭૭ માં પૂ.બાપાને મળવા આવેલા.આ બન્ને સંતોનુ મિલન ગુરુ મહારાજની પાર ઉપર થયેલુ.આ મહાત્માએ ત્યા હાજર પૂ.બાપાનાં એક શિષ્ય જયંતિભાઈ ઠાકરને કહ્યુ હતુ કે ગુરુ મહારાજ એક સાલમાં પોતાના આ પાર્થિવ દેહનો વિલય કરશે. અને બન્યુ પણ એમ જ. આમ દાયકાઓનાં પ્રગાઢ તપથી પ.પૂ.શ્રી દેવશંકર બાપા અલખનાં મહા અધિકારી બની ચૂક્યા હતા.આમ ને આમ ટાઢ, તડકો,વર્ષા વેઠતુ સ્થુળ શરીર હવે રૂક્ષ બન્યુ હતું. પણ આત્મા તો રોમેરોમ પ્રગટી રહ્યો હતો.લગની તો પેલાં ધ્રુવ તારાની જેમ ઈશ્વરમાં અટલ અને અનન્ય હતી.શરીર તેના ધર્મો અદા કરતા-કરતા ક્ષીણ બન્યુ હતુ.શરીરને પડવુ હતુ,જે માગસર માસની કૃષ્ણપક્ષાની એકાદશી (તા.૦૫-૦૧- ૧૯૭૮) ને સવારે સાત વાગનાં સુમારે પડી ગયુ. આત્મા અજર-અમર બન્યો..શરીર પંચમહાભૂતો માં વિલીન થયું પણ પેલુ અજર-અમર-અખંડ ચૈતન્ય તો શ્રી અરવડેશ્વર ધામની બૃહદ્ શાંતિમાં સનાતનનું રટણ કરતુ હતુ. સરસ્વતિનો પવિત્ર ઓવારો મહાત્મા પ.પૂ.શ્રી દેવશંકર બાપા (ગુરૂ મહારાજ) નાં સંસ્મરણો વંદી પેલા ઈશ્વરને વંદી રહ્યો છે.! હું ધન્ય બન્યો...હુ મહાન બન્યો..મને સાધુત્વનું લાખેણું ઓજશ મળ્યું. એવા પરમ વંદનીય પ.પૂ.દેવશંકર બાપા(ગુરુ મહારાજ ને ગુરુ પુર્ણિમાનાં પાવન પર્વે હર્ષલ ઠાકર અને આશિષ પાધ્યા સહિત સહપરિવારનાં કોટિ-કોટિ નત મસ્તક વંદન...

જય ગુરૂમહારાજ...હર હર મહાદેવ...જય રુદ્રેશ્વર.

પ્રવર્તમાન સમયે આ પાવન,પવિત્ર જગા એ બાપાના પરમ ભક્ત ગોવિંદલાલ શિવશંકર પંચોલી દ્ધારા બહારથી દર્શન કરવા આવતા ભક્તજનોને સવાર-સાંજ સુંદર ભોજન વ્યવસ્થા કરીને દર્શનાર્થીઓને કોઈ જ તકલિફ પડે નહી તેની ખાસ તકેદારી રાખે છે. તેમના સંસારીક પુત્ર શ્રી વિક્રમભાઈ પંચોલી(ગુરૂજી) પ.પૂ.દેવશંકર બાપાએ પ્રગટાવેલી પ્રગાઢ તપની તપશ્ચર્યાને પ્રવર્તમાન સમયે આગળ ધપાવી રહ્યા છે.

: સાભાર :
હર્ષલ ઠાકર,આશિષ પાધ્યા

### લાખણી પ્રખંડ દ્વારા ગેળા ગામે થી

# અયોધ્યા શ્રી રામ મંદિર નિર્માણ કાર્ય માટે પવિત્ર માટી અને જળ અર્પણ કરવામાં આવ્યા

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત


પવિત્ર અયોધ્યા નગરી માં ખૂબ જ લાંબા સમયની અડચણો બાદ રામજન્મ ભૂમિ પર સમગ્ર હિન્દુ સમાજના આરાધ્ય પ્રભુ શ્રીરામ નું ભવ્યતા ભવ્ય મંદિર નિર્માણ થવા જઇ રહ્યું છે તે હિંદુ ભાઈ બહેનો માટે ખૂબ જ આનંદ અને ગૌરવની વાત છે. વિશ્વ હિન્દુ પરિષદે રામ મંદિર નિર્માણ માટે ખૂબ જ અગત્યની ભૂમિકા નિભાવી છે.હાલમાં જ્યારે પ્રભુ શ્રી રામ નું મંદિર નિર્માણ થવા જઇ રહી છે ત્યારે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ભારતભરમાં થી તારીખ ૨૭ જૂનથી પવિત્ર સ્થાનોની માટી તથા પવિત્ર નદીઓના નિર્મળ જળ એકત્રિત કરી અને મંદિર નિર્માણ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

આ કાર્યક્રમ અંતર્ગત આજરોજ તારીખ ૦૫/૦૭/૨૦૨૦ રવિવાર લાખણી પ્રખંડ ના પવિત્ર તીર્થસ્થાનોની પવિત્ર માટી અને પવિત્ર જળ વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળના કાર્યકર્તાઓ દ્વારા અયોધ્યા રામ મંદિર નિર્માણ અર્થે એકત્રિત કરવામાં આવી હતી.

# ગુરૂપૂર્ણિમાઃ ઈતિહાસમાં પ્રથમ વાર ડાકોર ધામમાં ભક્તોએ બંધ દરવાજે કર્યા દર્શન

ડાકોર,તા.૫

આજે ઈતિહાસમાં પ્રથમ વખત યાત્રાધામ ડાકોરના ઠાકોર રણછોડજીના દ્વાર ગુરુપુર્ણિમાના અવસરે બંધ રહ્યાં. જો કે ગુરુપુર્ણિમા હોવાથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળું અહીં પહોંચ્યાં હતા. જે ઠાકોરના બંધ દ્વાર જોઇને નિરાશ થયા હતા. શ્રદ્ધાળુઓ ધોરી ધજા અને શિખરને દર્શન કરીને જ સંતોષ માનવો પડ્યો હતો. શ્રદ્ધાળુ ઓનલાઇન રણછોડજીના દર્શન કરી શકશે. આવતી કાલથી મંદિર દર્શનાર્થી માટે ખૂલશે પરંતુ દર્શનાર્થીઓએ પહેલા ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આજે ઈતિહાસમાં પ્રથમ વખત યાત્રાધામ ડાકોર ના ઠાકોર રણછોડજીના દ્વાર ભક્તો માટે બંધ રાખવા સાથે ગુરુપૂર્ણિમા નો ઉત્સવ મોકૂફ રાખવામાં આવ્યો છેનિજ મંદિરમાં જગતના નાથ ની સેવપૂજા કરવામાં આવી હતી. જ્યારે ગુરુપૂર્ણિમા ને લઈ લાખો ભક્તો ડાકોરધામ માં દર્શન કરવા ઉમટી પડ્યા હતા જોકે પ્રવેશ દ્વાર બંધ રાખવામાં આવતા રણછોડ ની ધોરી ધજા અને મંદિર ના ડેરા ના દર્શન કરી ભક્તોએ ગુરુ પરંપરા નિભાવી દર્શન ની અનુભૂતિ કરી હતી. આજે ગુરુપૂર્ણિમા ના દર્શન થી વંચિત રહેલા ગુજરાતભરના ભક્તો માટે ડાકોર ટેમ્પલ કમિટીએ ખુશ ખબર આપી છે અને આવતીકાલે થી ગુજરાત રાજયના તમામ ભક્તો માટે દર્શન ખુલ્લા મુકવાની જાહેરાત કરવામાં આવી છે જોકે ભક્તોએ મંદિર ની વેબસાઈટ ઉપર ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી પોતાનું ઓળખકાર્ડ બતાવી દર્શન કરી શકશે.




આપશ્રીનાં કર્મ, વચન અને વર્તન થકી હું પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કંઈ ને કંઈ શીખતો રહ્યો છું, મને જીવનમાં પ્રેરણા આપી માર્ગ ચિંધનાર, એવા ગુરુજી,સહયોગીઓ, આપશ્રીને ગુરુ પૂર્ણિમાનાં દિવસે મારાં દિલથી પ્રણામ નમન.આપ સતત મારા જીવનમાં તેમજ પરસ્પર આમ જ પથદર્શક બની રહેશો

### ધાનેરાના મોટામેડા પાસે આવેલ અંડરબ્રિજ નીચે વારંવાર પાણી ભરાઈ જતાં ગ્રામજનો પરેશાન થઈ ગયા છે

# પાણી નિકાલ માટેની કોઈ વ્યવસ્થા ન થતા કંટાળેલા ગ્રામજનોએ થાળી વગાડી નિંદ્રાધીન તંત્ર ને જગાડવાનો અનોખો પ્રયાસ કર્યો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠામાં ધાનેરા પાસે મોટામેડા અને જીવાણા ગામ વચ્ચે રેલવે અન્ડર બ્રિજ બનાવવામાં આવ્યો છે. પરંતુ જ્યારથી આ અન્ડર બ્રિજ બન્યો છે ત્યાંથી સામાન્ય વરસાદ થતા જ અન્ડર બ્રિજ નીચે પાણી ભરાઈ જાય છે અને તેના કારણે અવરજવર માટેનો રસ્તો બંધ થઈ જાય છે. મોટામેડા અને જીવાણા બંને ગામને જોડતો આ એકમાત્ર માર્ગ છે. મોટાભાગના પશુપાલકો પણ ડેરીએ દૂધ ભરવા માટે સવાર સાંજ આજ માર્ગનો ઉપયોગ કરે છે ત્યારે



ધાનેરામાં બે દિવસ અગાઉ આવેલા સામાન્ય વરસાદમાં જ આ બ્રિજ નીચે પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે જ્યારથી આ અન્ડર બ્રિજ બન્યો છે ત્યારથી અત્યાર સુધી અનેકવાર ગ્રામજનોએ રજૂઆત કરી છે પરંતુ તેમ છતાં પણ તંત્ર દ્વારા હજુ સુધી અન્ડર બીજ માંથી પાણી નિકાલ માટેની કોઇ વ્યવસ્થા કરાઈ નથી તેના કારણે જીવાણા અને મોટામેડા બંને ગામના અંદાજે છ હજાર કરતા પણ વધુ લોકોને ભારે મુશ્કેલી વેઠવી પડી રહી છે.

અત્યાર સુધી સ્થાનિક ગ્રામજનોએ અનેકવાર લેખિત રજૂઆત કરી છે તેમ છતાં તંત્રએ ગ્રામજનોની કોઈ જ રજૂઆત ધ્યાને ન લેતા આખરે કંટાળેલા બંને ગામના લોકોએ આજે ભેગા થઈ થાળી વગાડી તંત્રને જગાડવાનો અનોખો પ્રયાસ કર્યો છે. તેમજ ૧૦ દિવસ માં સરકાર ગ્રામજનોની વાત ને ધ્યાને લઈ આ સમસ્યા હલ નહી કરે તો ગ્રામજનો રેલવે રોકો આંદોલન કરશે અને તેની જવાબદારી તંત્ર ની રહેશે તેમ ચીમકી ઉચારી છે....

CYMK

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ..
## આયોજક : પ્રદીપ રાવલ....ગ્રુપ સંચાલક : જીજ્ઞા કપુરિયા

ન્યુઝ ઓફ ગાંધીનગરમાં દરેક સ્પર્ધકનું સ્વાગત છે"

ગદ્ય વિભાગ

૧)શીર્ષક-નવરો....શ્રદ્ધા ભટ્ટ
૨)ઋશીર્ષક -શાંતિનો ચોતરો પ્રીતિ શાહ"(અમીપ્રીત)
(૩)શીર્ષક -વ્હાલું સગપણ નેહા બગથરીયા
(૪)શીર્ષક -ઓટલાનો આવકાર તેજલ વઘાસીયા
(૫)શીર્ષક -નિરાંતની પળે જયકાન્ત ઘેલાણી "પ્યારે

પદ્ય વિભાગ

૧)ઋશીર્ષક -નિરાંતની પળોમાં વૈશાલી મહેતા
૨)ઋશીર્ષક - નિરાંતની પળ તૃપલ શાહ
૩)શીર્ષક - નિરાંતની પળે મેહુલ ત્રિવેદી
૪)ઋશીર્ષક -નિરાંતની પળે પ્રકૃતિ શાહ
શીર્ષક - નિરાંતની પળે કૌમુદી સોની

વિજેતા મિત્રોને ખૂબ ખૂબ અભિનંદન

એડમિન પેનલ ગ્રુપ સંચાલક શ્રી : જીજ્ઞા કપુરીયા,નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ.વંદના વાણી,કિશોર ઠક્કર સહ નિર્ણાયક શ્રી : આરતી મરચંટ,આરતી રામાણી સહ સંચાલક શ્રીઃ પ્રણવ ઝાંખર,મનીષ વોરા . ગ્રાફિક્સ, ડીઝાઇન : પ્રણવ ઝાંખર

---

વિભાગ - પદ્ય (હાઇકુમાળા)
શીષેક - નિરાંતની પળે

**NG - 048**

નિરાંતની એપળે, સાંભરે મને,એક ઓટલો.
વડલાદાદાની છત્રછાયા તળે,ઞ્મ ઓટલો.
ઘરડાંઓની ગમતીલી સાંજનું સ્થાન ઓટલો.
જુવાનિયાંઓ કેરી મસ્તીનો સાથી છે એ ઓટલો.
પનિહારીઓ કેરા થાકને વાચા આપે ઓટલો.
તોળાય પંચ પરમેશ્વર તણો ન્યાય ઓટલે.
દિકરીઓની વિદાયની પળોનો સાક્ષી ઓટલો.
જીવનકેરી સંધ્યાનું સરનામું ગામઓટલો.
ગામના સુખ દુઃખનો છે સાથી એ, ગામઓટલો.

પ્રકૃતિ શાહ "પ્રીત", અમદાવાદ

---

**N O G S (VIP)**
**NG 0015**

ચિત્ર પરથી રચના
વિભાગઃ- પદ્ય (અછંદાસ)
શીર્ષકઃ- નિરાંતની પળે

ગામનાં ગોંદરે આવેલો એ ઘેઘુર વડલો,
આપતો શિતળતા,
અબાલ-વૃદ્ધ, પશુ પંખીઓને હરહંમેશ
અવિરત પણે વગર સ્વાર્થે. સાયકલનાં ટાયરને
બાંધી વડવાઈ સાથે
ટાબર હિંચતા સૌ ખુબ આનંદે.
પંખીઓ ડાળે કરી વિસામો,
મશગૂલ રે'તા કલબલાટ ને કલરવમાં,
છાંયડામાં બેસી વાઘોલવાનો
અનેરો આનંદ
પ્રેમાળ પશુઓ પામતાં,
વછૂટતા વાયરા વડિલોની વાતોનાં
ઓવારા લઈને મોજથી લહેરાતાં. ખરેખર,
વડલાનાં સહારે જીવન નિર્વાહ થતો
નિરાંતન પળે

મેહુલ ત્રિવેદી.... ખેરાળી

---

વિભાગઃ પદ્ય

**NG NO: 40**

શીર્ષક : નિરાંતની પળોમાં.

નિરાંતની પળોમાં, ઘેઘૂર વડલાની છાંયમાં
સરરરરરર.. વાયરો વા'યો પકી આવી
પળભરમાં ને પછી... વિચારોના વમળમાં
જઇ પડ્યો હું કમળમાં! કોમળ એની
પાંખડીએ ઝાલી લીધો મને બથમાં!
ચારેકોર પ્રસરાતી પાંખડીઓ મોહક એની
સુગંધ જેણે કિધો મને વશમાં, ભ્રમર ગુંજન
કરતો આવી ચઢ્યો એકાએક આ પટમાં,
સૌંચ જાણે એણે ભોંકી કોમળ પુષ્પના
અંગમાં પ્રેમથી રસ આપી દીધો એણે
ભ્રમરનાં મુખમાં! આનંદિત હતાં બેય ન ખેદ
કોઈના દિલમાં! સૌંચ આ જાણે મને વાગી
મસ્તિષ્કમાં, ખૂબ થયો ખેદ મુજને અટવાયો હું
વમળમાં, મુક આ પુષ્પ ને મુક છે ભ્રમર
સદાય ડુબોડુબ નિઃસ્વાર્થ લાગણી ને પ્રેમમાં!
રહેવાયુ નહીં મુજથી પૂછી લીધું પુષ્પનાં
કાનમાં! કેમ કરી અર્પયા રસ ને સુગંધ સૌંચ
ભોંકી તો'ય
એણે તારા અંગમાં? મલકાઈ કહે પુષ્પ, "હું
તો કરમાઈ જઈશ આજ-કાલમાં!
આનંદ અતિ એટલે કે, સુગંધ મારી પ્રસરાતી
રહેશે ભ્રમર છે જ્યાં સુધી સંગમાં! ભલેને
થોડુ સહેવુ પડ્યું એના અમથા ડંખમાં!"
આંખો મારી ઊઘડી ગઈ ઝબકીને જ્યાં જોયુ
કમળ તો હતું સ્વપ્નમાં!
વમળ ને કમળ બન્નેને ભિડ્યા બાથમાં.
નિરાંતની પળોમાં ઘેઘૂર વડલાની છાંયમાં
આભાર માન્યો એમનો શીખ એક વધૂ મળી
મને જીવનના પાઠમાં!

વૈશાલી જે મહેતા.

---

**NG : 0075**

વિભાગઃ પદ્ય
વિષયઃ નિરાંતની પળે

"હાશ"

ઝંખે માનવ
સંધ્યા ટાણે એક
મધુરી હાશ!
ગામ પાદરે
વિરક્ત જોગી સમ
છે વટવૃક્ષ !
ખગ શાવક
નીડે આશ્વસ્ત, ઘટા
ઘેઘૂર માંહી !
ઝૂલે હીંચકે
માનવ બાળ, ગૂંથી
આ વડવાઈ !
માંડે ગોઠડી
શ્રમિકજન સહુ
સખા સંગાથે!
દાદા ઢળતા
થડને ટેકે, લેતા
લાંબો વિસામો
મંદ સમીર
ઢાળે વિઝણો, સરે
સમય રેત!
તાપ સંતાપ,
વ્યથા, પરિતાપ શમે
સખ્ય સહકારે
વંદુ તુજને
અનન્ય વિસામો, હું
નત મસ્તકે!

કૌમુદી સોની...સુરત

---

**N O G S (VIP)**
**NG 0067**

ચિત્ર પરથી કવિતા
પદ્ય : અછાંદસ
નિરાંતની પળે

ઈશ્વર મળ મને નિરાંતની પળે,
મંદિર મસ્જિદ ગિરજાઘરમાં કે તું આવ ઘરે,
કરવી છે વાત મારે તું જો સાંભળે,
કરે તું કંઈક એવું કે સૌને શાંતિ મળે.
શાને કોઈ ગરીબ ભૂખથી ટળવળે?
ભીંજાતા વરસાદમાં એને છાપરું પણ ના મળે?
બળબળતી બપોરે એના ખુલ્લા પગ બળે,.
કર એવું એના આંસુની સાથે થોડાક સુખ પણ ભળે.
ના કોઈ બાળ મા થી કદી વિખૂટો પડે,
અકાળ મૃત્યુથી ના કોઈ બાળ મરે,
કોઈ બાપની કાંધે ના કોઈ દીકરો ચડે,
કોઈ યૌવનાનુ સુહાગ ના કદી ઉજડે.
શાને કાજે તું ભક્ત ની પરીક્ષા કરે?
તું છે અંતરયામી એના દિલમાં ડોકિયું કાં ન કરે?
આપ એક વચન મને આ પળે,
પ્રેમ , શાંતિ અને કરુણા વિશ્વમાં વ્યાપે.

તૃપલ શાહ...ગાંધીનગર...૦૧/૦૭)૨૦

---

***NG no - 0071***

વિષય - નિરાંતની પળે
હ્રખિંડી છંદ - (ગાગાલગા લગાગા) ૨

ચાલો ને વાત કરીએ નિરાંતની પળે ભઈ,
નોખી આ જાત કરીએ નિરાંતની પળે ભઈ.
વડવાઈ જેમ વડને મજબૂત છે બનાવે,
ભેગી આ ન્યાત કરીએ નિરાંતની પળે ભઈ.
થોડું તમેય કહેજો થોડું અમેય કહીશું,
સંબંધ જ્ઞાત કરીએ નિરાંતની પળે ભઈ.
સુખદુઃખ તો આવે તડકાં ને છાંયડાની માફક
એ આત્મસાત કરીએ નિરાંતની પળે ભઈ.
માણસ છીએ તો માણસની થાય ને જ ચિંતા,
દિવસ ને રાત કરીએ નિરાંતની પળે ભઈ.
ઉગતા સૂરજને લોકો પૂજે છે આ જગતમાં,
નવલું પ્રભાત કરીએ નિરાંતની પળે ભઈ.
પાદરના ઓટલે કરવા ન્યાય ચાલો મિત્રો,
ભેગી જમાત કરીએ નિરાંતની પળે ભઈ.
ખીલી નથી શક્યા જે એને ખીલવવા માટે,
ફૂલ પારિજાત કરીએ નિરાંતની પળે ભઈ.
પ્રગટાવજો હૃદયમાં આ "દીપ" ને હંમેશા,
ભાવિની ભાત કરીએ ,નિરાંતની પળે ભઈ.

દીપક સિંહ સોલંકી "દીપ" આણંદ




# ચાણસ્મા ખાતે જયા પાર્વતી વ્રત કરતી દીકરીઓને ફળાહાર કરાવવામાં આવ્યો



આજરોજ અષાઢ સુદ પૂનમ ના દિવસે જયા પાર્વતી વ્રત કરતી નાની દીકરીઓ નો વ્રત નો છેલ્લો દિવસ હોવાથી ચાણસ્મા જાયન્ટ સહિયર ગ્રુપ દ્વારા દાતાઓના સહયોગથી જયા પાર્વતી વ્રત કરતી દીકરીઓની

ફળાહાર કરવામાં આવ્યો

આ વ્રતનો મહિમા ચાણસ્મા જાયન્ટ સહિર ગ્રુપના પ્રમુખ કુમારી શોભનાબેન પટેલે જણાવતા કહ્યું હતું કે આ વ્રત કરવાથી દીકરીઓને ભવિષ્યમાં પોતાનો મનગમતો પતિ મળે છે અને એમનું જીવન સારું જાય છે

મુખ્ય દાતા ગીતાબેન પ્રવીણભાઈ સુથાર તથા બીજા ઘણા દાતાઓ મળીને આ બાળાઓને ફળાહાર કરાવી ને ધન્યતા અનુભવી હતી

જયા પાર્વતી વ્રત એટલે ગોરો કહેવાય છેદરેક બાળાઓને જયા પાર્વતી વ્રત નિમિત્તે શુભકામના પાઠવીએ છીએ

# ગુરુપૂર્ણિમા નિમિતે આજે યાત્રાધામ અંબાજી મા ગુરુવંદના અને ગુરુદર્શન કરવામાં આવ્યાં



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

ગુરુ પૂર્ણિમાનો દિવસ એ ભારત દેશનો એક પવિત્ર દિવસ છે આ ગુરુ પૂર્ણિમા ના દિવસે દરેક લોકો પોતાના ના ગુરુ સ્થાને જઈ ને અને તેમના ગુરુજી ની પુજા અર્ચના કરે છે અને આશીર્વાદ મેળવતા હોય છે જયારે યાત્રા ધામ અંબાજી ખાતે પણ ઘણા ખરા ગુરુ સ્થાનો આવેલ છે જેમા દર વર્ષે ગુરુ પૂર્ણિમા નો દિવસ ખુબ જ ધામધૂમથી માણવામા આવે છે પણ હાલ મા ચાલી રહેલી કોરોના વાયરસ ની મહામારી ના કારણે આ વર્ષે ભારત દેશ ના ઘણા ખરા ગુર સ્થાનો મા ગુરુ પૂર્ણિમા મા માણવામા નથી આવી જેમા યાત્રા ધામ અંબાજી ખાતે આવેલ અંખાડા નંદ પરમહંસ આશ્રમ, કોટેશ્વર ખાતે આવેલ વાલ્મિકી આશ્રમ, ગબ્બર ખાતે આવેલ ચુંદડી વાળા માતાજી નુ આશ્રમ આ બધા ગુરુ સ્થાનો મા પણ આજ રોજ કોરોના વાયરસ ની મહામારી ના કારણે ભક્તો ઓછી સંખ્યા મા જોડાઈ અને ગુરૂજી ની પૂજા અર્ચના કરી અને આશીર્વાદ મેળવ્યા હતા અને આની સાથે જ બધા ભક્તો એ માસ્ક ફરજીયાત પહેર્યું હતુ અને સોશિયલ ડિસ્ટન નો પણ ખ્યાલ રાખ્યો હતો અને ગુરુ પૂર્ણિમા નો ઉત્સવ મનાવવા મા આવ્યો હતો.

# કોરોના કેસો વધતા અમદાવાદના ૧૯ વિસ્તાર માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં ફેરવાયા



અમદાવાદ,તા.૫

શહેરમાં જીવલેણ કોરોના વાયરસનો કહેર યથાવત છે. ઉલ્લેખનીય છે કે શહેરનાં વધુ ૧૯ વિસ્તારને માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ ઝોનમાં ફેરવવામાં આવ્યા છે. કુલ ૮૪ વિસ્તારોમાંથી ચાર વિસ્તારોમાં માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ ઝોન દુર કરાયા બાદ આ નવા વિસ્તારોને માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ હેઠળ મુકવવામાં આવ્યા છે. મ્યુનિ. દ્વારા મોડી રાત્રે જાહેર કરવામાં આવેલી યાદી પ્રમાણે દક્ષિણ ઝોનમાં કળશપાર્ક, ઓમ શાંતિ નગર, નમ્રતા સોસાયટી, ઈસનપુરમાં કોરોનાના કેસોમાં વધારો થતા માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ હેઠળ મુકવવામાં આવ્યા છે.

આ યાદી પ્રમાણે વનદેવી સોસાયટી, ઘોડાસર, સહજાનંદ એપાર્ટમેન્ટ, નિકોલ, મહાદેવ હોમ, વસ્ત્રાલ, ગુબાલ ટાવર, થલતેજ, શિવમ, સેટેલાઈટ બંગલો, બોડકદેવ, અનવેશન રોહાઉસ, બોપલ દક્ષિણ પશ્ચિમ ઝોનમાં આવેલા નિશાંત પાર્ક-૨, સ્વામિનારાયણ રો-હાઉસ, વંદેમાતરમ, ન્યુરાણીપ, ગંગારામ ફ્લેટ, સાબરમતી, સરદાર પટેલ નગર સહિતનાં વિસ્તારોનો સમાવેશ થાય છે, સાથે સાથે શહેરનાં નારાણપુરા વિસ્તારમાં જ્યાં વધુ કેસ નોંધાયા છે એ તમામા ભાગોને માઈક્રોકન્ટેઈન્ટમેન્ટ હેઠળ મુકવવામાં આવ્યા છે.

જીલ્લા સહીત અત્યાર સુધીના કુલ દર્દીની સંખ્યા ૨૫૪૦ થઈ છે, તેમજ કુલ મૃત્યુઆંક ૩૫૭૫નો થઈ ગયો છે. જોકે સારૂં ચિહ્ન એ છે કે અગાઉ કુલ દર્દીઓનો આંકડો ૩૨૨ની ઉપરનો રહેતો હતો, તે હાલ ૨૦૦ની આસપાસ રહે છે તેમજ મૃત્યુ ૨૩ની ઉપર રહેતા હતા તે હાલ ૧૦ની આજુબાજુ રહેવા માંડયા છે. બીજી તરફ મધ્ય ઝોન અને દક્ષિણ ઝોન હોટસ્પોટ બની ગયા હતા, તેના સ્થાને હવે પશ્ચિમ ઝોન અને નવા પશ્ચિમ ઝોનના આંકડા શહેર આખામાં ટોચ પર રહેવા માંડયા છે.

# ખેડૂત એકતા મંચ શું, અને શા માટે?

(ખેડૂત એકતા મંચ આજે જે કંઈ છે તે, સાથીઓની સહિયારી મહેનતનું ફળ છે, કોઈ એકના જોરે ચાલતું સંઘટન નથી. એકલો માણસ કશું ના કરી શકે એ દીવા જેવી સાફ વાત છે.)

ખેડૂત એકતા મંચ એક બિન-પક્ષીય ખેડૂત સંગઠન છે જે સમાજના તમામ જરૂરિયાતમંદ વર્ગને પડખે ઉભા રહેવામાં માને છે. એનો ઉદ્દેશ્ય ગામડું, ખેતી, પશુપાલન જેવા ઉદ્યોગો, જેમાં દેશનો ૬૦% જેટલો વર્ગ રોકાયેલો છે તેને કેવી રીતે નફાકારક અને ગૌરવપૂર્ણ બનાવી શકાય તે માટે મહેનત કરવાનો છે. કોઈ વ્યક્તિગત પ્રશ્નો હાથ પર લેવા શક્ય નથી, સામુહિક પ્રશ્નો - જેમાં ઘણા લોકોનું હીત સમાયેલું હોય તેવા પ્રશ્નો હાથમાં લઈને કામ કરવાનું વલણ રહ્યું છે.

ખેડૂત એકતા મંચના ૭ ટ્રસ્ટીઓ ઉપરાંત નીચે પ્રમાણેના જિલ્લામાં ખુબ મહેનતુ અને સક્રિય સાથીઓ જિલ્લા પ્રમુખ તરીકે જવાબદારી સંભાળે છે.

૧: ભાવનગર : શ્રી ભરતસિંહ વાળા - ૯૩૭૪૧૫૫૮૬૧
૨: અમરેલી : શ્રી દિલુભા વરુ : ૯૪૨૬૨૧૪૨૭૭
૩: ગીર-સોમનાથ : શ્રી રમેશ બારડ : ૯૨૨૭૪૯૭૯૯૭
૪: જૂનાગઢ : શ્રી મેમુદભાઈ સીડા : ૯૮૨૪૫૧૭૯૬૬
૫: જામનગર : શ્રી રામદેવસિંહ ચુડાસમા : ૯૮૨૫૬૫૦૭૬૯
૬: સુરેન્દ્રનગર : શ્રી રાજુભાઈ કરપડા : ૯૭૨૫૧૦૩૬૭૬
૭: કચ્છ : શ્રી પ્રશાંતભાઈ ભટ્ટ : ૮૫૧૧૬૪૬૧૧૬
૮: બનાસકાંઠાઃ શ્રી કરશનજીભાઈ : ૬૩૫૩૩૭૭૮૭૩
૯: અરવલ્લી : શ્રી નિકુલ પટેલ : ૬૩૫૧૯૨૮૦૧૯

આ સાથીઓ જ ખેડૂત એકતા મંચની સાચી તાકાત છે, એમની રાત-દિવસની દોડધામ અને મહેનતથી સંગઠન ઉજળું છે. ખેડૂત એકતા મંચની જે કોઈ ઓળખ ઉભી થઇ છે તે આ સાથીઓને આભારી છે.

કોઈ પણ કામ માટે મને સીધો ફોન કરવાને બદલે જે તે જિલ્લાના મારા સાથી પ્રમુખોને ફોન કરો તો વધારે સારું અને સરળ રહેશે.

ખેડૂત એકતા મંચની વિશેષતા એ છે કે અહીં કોઈ હોદ્દો નાનો કે મોટો નથી, હોદ્દો માત્ર બંધારણની જરૂરિયાત છે, બાકી બધા જ સરખા સાથીદારો છીએ. અહીં નાનામાં નાનો હોદ્દો ભલે લખાતો હોય, એ જેની પાછળ મોટામાં મોટો હોદ્દો લખાતો હોય એને સાચી વાત સાફ-સાફ કહી શકે છે અને બાકીનાએ સાંભળવી પડે છે. હોદ્દા કરતા વધારે સાથીઓ અને પરિવાર તરીકે ચાલીએ છીએ અને આગળ પણ એક પરિવાર તરીકે જ ચાલવું છે, એટલે તમામને વિનંતી કે તમે ખેડૂત એકતા મંચના કોઈ પણ સાથીને ફોન કરો.... એ સરખું છે. જિલ્લામાં તમે એમને તમારાથી શક્ય એટલી કામમાં મદદ કરો તો એ સાથીઓ વધારે મજબૂત થશે, વધારે કામ કરી શકશે તો ખેડૂત એકતા મંચ એટલું વધારે મજબૂત થશે અને સરકારે વાત સાંભળવી પડશે.

આ ઉપરાંત જે જિલ્લાઓમાં ગોઠવાયું છે પરંતુ ફાઇનલ મિટિંગ કરી નિમણુંકો આપવાની બાકી છે તેઃ મહેસાણા, પાટણ, સાબરકાંઠા, ખેડા, આણંદ અને વડોદરા છે. એમાં કોરોના નડી ગયો, બીજા જિલ્લાઓમાં વાત ચાલે છે, થોડીક મિટિંગો પછી ગોઠવાશે એવી અપેક્ષા છે.સંગઠનનો મુખ્ય ધ્યેય, સમજણવાળા અને મહેનતુ યુવાનોને નેતૃત્વ માટે તૈયાર કરવા, એમને માર્ગદર્શન અને મદદ કરવા જેથી ગામડાં નેતાઓના આશ્રિત ના રહે, પોતે નેતા/ઉદ્ધારક બનવા માટે નહીં, મોટી સંખ્યામાં સમજણવાળા, અભ્યાસુ નેતાઓ તૈયાર કરવા માટે કામ કરીએ છીએ...

(અત્યાર સુધીમાં શું શું કામ થયા તે હવે પછીની પોસ્ટમાં....)

# ગુરુ જે અંધકારથી પ્રકાશ તરફ લઈ જાય છે-સંત રાજીન્દરસિંહજી મહારાજ



ગુરુ પૂર્ણિમાએ ભારતમા ઉજવવામાં આવેલો એકવિશેષ દિવસ છે. ગુરુપૂર્ણિમાએક મહાનમુનિવેદવ્યાસના સન્માનમાં ઉજવવામાંઆવેછે. વેદવ્યાસે મહાભારતઅને ૧૮ પુરાણો લખ્યાહતા.

આ દિવસ આપણા ગુરુ, શિક્ષક અથવા આધ્યાત્મિક ગુરુ અને તેમનું સન્માન કરવા માટે ઉજવવામાં આવે છે, ગુરુપ્રત્યે અંદર અને આભારમાનવાનો દિવસ છે. જો આપણે આધ્યાત્મિક રીતે વિકસિત થવાનું ઈચ્છીએ તો આપણે સાચા આધ્યાત્મિક ગુરુના આદેશનું પાલનકરવું પડશે. દરેકયુગમાં, ઋષિ, મુનિ અનેસંતો આવ્યાછેજે અમને અંદર પ્રવાસ પર લઈ જઈ શકે છે.સંતો અમને આધ્યાત્મિકતાની ભેટ આપે છે. સંતરાજીન્દરસિંહજીમ હારાજસમઝાવેછેકેએકગુરુવિનાઆપણે જીવનમાંઅંધકારથીરહીશું, ગુરુએટલે "એકજેઅંધકારમાંથી પ્રકાશમાંસાધકોનેલઈજાયેછે. ગુરુનીભૂમિકામાત્રસાધકોનેજ્ઞાનઆપવાનીનથી, પણઆપણાઅંદરનીચમકતી ભગવાનનીજીવંત, તેજસ્વીપ્રકાશ સાથેજોડાવામાટેપણમદદકરવામાટેછે. તેઓઅમારીઆંતરિકઆંખખોલેછે. તેઆંતરિકપ્રકાશનેજોવાઅનેઆપણી આધ્યાત્મિકયાત્રાશરૂકરવામાંસહાયકરેછે. જોઆપણેવિવિધધાર્મિકઅનેઆધ્યાત્મિકપરંપરાઓનું પરીક્ષણ કરીએ,અમેજોઈશુંકેમૂળમાં બધાધર્મોએકછેઅનેએકજ વસ્તુકહેછે. તેબધા ઉચ્ચશક્તિમાંવિશ્વાસકરેછેજેણેબધાનું સર્જનકર્યું છે. પ્રાર્થના, ધ્યાનદ્વારાઆપણેઆધ્યાત્મિકજ્ઞાન,આત્મજ્ઞાન અને ભગવાન-અનુભૂતિનોહેતુપ્રાપ્તકરીશકીશું.

સંતરાજીન્દરસિંહજીમહારાજસમઝાવે છે કે ગુરુ અને રિશીમુનિઓ સમસ્તલોકોમાટેઆવેછે. તેઓ એકધાર્મિકજૂથમાટેઆવતાનથી, તેબધામાટેઆવેછે. બુદ્ધખાલી બૌદ્ધોમાટેનહોતાઆવ્યા. એજરીતે, ખ્રિસ્તઅનેગુરુનાનકદેવજી મહારાજ એકલાખ્રિસ્તીઓઅથવાશીખ માટેઆવ્યાનહતા. તેઓસમગ્રમાનવજાતમાટેઆવ્યાહતા. જયારે આધ્યાત્મિક ગુરુઆદુનિયામાંઆવેછે, ત્યારેતેમનું મુખ્યકાર્યઆપણીઆત્માઓનેભગવાનપાસેપાછાલઈજવાનુંહોયછે. આપણને ભગવાનતરફ લઈજવાગુરુબધું કરેછે. આઆધ્યાત્મિકગુરુઅમારીમદદકરવામાટેસૌથીમોટીશક્તિધરાવેછે.

ભગવાનનાપ્રેમની ચુંબકીય શક્તિતેમનાદ્વારાકાર્યરતછે. જયારે આત્માઓ આધ્યાત્મિક માસ્ટરનાસંપર્કમાંઆવે છે, તેઓ ચુંબકીય અનેઅસ્પષ્ટરીતેભગવાન તરફદોરેછે. તેઓએકસાથેરહેવાનીઝંખનાકરેછે. દરેકસમયે આધ્યાત્મિકગુરુ અમને અમારા સાચા ઘરેપાછાફરવામાં સહાયકરેછે. તેઓએઅમને ઈશ્વરીય પ્રેમગુરુનાસંપર્કથીમળેછે.

આધ્યાત્મિક ગુરુ ઈચ્છેછેકેઆપણે પરમાત્માનું અનુભવ કરીએ. ભગવાન સાથે આત્માના મીલનનું અનુભવકરીયે. તેઓઆપણી આત્માને મુક્તકરવામાગેછેજેથીભગવાનસાથે એક થવામાં મુશ્કેલીના થાય. ગુરુપૂર્ણિમા ગુરુને આદર અને આભાર આપવા માટેનો પ્રસંગછે.- સંત રાજીન્દરસિંહજી મહારાજ

રાજય સરકારની દસ ગામ દીઠ એક મોબાઈલ પશુ દવાખાનાની સંવેદનશીલ યોજના

# અદ્યતન સાધનોથી સજ્જ ૩ મોબાઈલ પશુ દવાખાનાઓનું લોકાર્પણ કરતા મંત્રીશ્રી બચુભાઈ ખાબડ

## દાહોદ જિલ્લાના વધુ ૩૦ ગામોમાં ૧૯૬૨ નંબર ડાયલ કરતા બિમાર પશુઓને ગણતરીની મિનિટોમાં જ સારવાર ઉપલબ્ધ




અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૦૩ : દાહોદ જિલ્લાના વધુ ૩૦ ગામોને અદ્યતન સાધન-સુવિધાથી સજ્જ ૩ મોબાઈલ પશુ દવાખાનાઓની નિઃશુલ્ક સેવા હવેથી ઉપલબ્ધ થશે. મંત્રી શ્રી બચુભાઈ ખાબડે ૧૦ ગામ દીઠ એક પશુ દવાખાના યોજના અંતર્ગત મોબાઈલ પશુ દવાખાનાઓનું આજ રોજ લોકાર્પણ કર્યું છે. જિલ્લાના દાહોદ, ઝાલોદ અને દેવગઢ બારીયાના દસ –દસ ગામોને નિઃશુલ્ક સારવાર વર્ષના ૩૬૫ દિવસ ઉપલબ્ધ થશે. આ ૩૦ ગામોના ગ્રામજનો સવારના ૭ થી સાંજના ૭ વાગ્યા સુધી ૧૯૬૨ નંબર ડાયલ કરવાથી અમૂલ્ય પશુધનની તાત્કાલીક સારવાર મેળવી શકશે.

આ પ્રસંગે મંત્રી શ્રી બચુભાઈ ખાબડે જણાવ્યું કે, આપણા કૃષિપ્રધાન જિલ્લામાં પશુપાલન એ ગ્રામ્ય અર્થવ્યવસ્થાનું એક મહત્વનું અંગ છે. ગ્રામજનો માટે પશુપાલન જીવનધોરણને ઊંચુ લઈ જવાનું મહત્વનું સાધન બન્યું છે ત્યારે રાજય સરકારે દરેકે દરેક ગામ સુધી તાત્કાલિક પશુ સારવારની વ્યવસ્થા પહોંચે તે રીતનું આયોજન કર્યું છે. અને તે માટે દસ ગામ દીઠ ફરતા દવાખાનાની યોજના શરૂ કરવામાં આવી છે. જીપીએસ સીસ્ટમથી સજ્જ આ વાહનોનું સીધું મોનિટરીંગ સી.એમ. ડેશબોર્ડ પરથી કરવામાં આવશે. માટે ૧૯૬૨ નંબર ડાયલ કરતા બિમાર પશુઓને ગણતરીની મિનિટોમાં જ સારવાર ઉપલબ્ધ થશે. આ માટે ૧૦૮ ની જેમ ઈમરજન્સી રિસ્પોન્સ સિસ્ટમ પણ કાર્યરત કરવામાં આવી છે.

મંત્રીશ્રીએ પશુપાલકોને ૫૦ ટકા રાહતદરે પશુદાણની યોજનાનો પણ લાભ લેવા પણ જણાવ્યું હતું.

આ ફરતા પશુદવાખાનામાં નિષ્ણાંત ડોક્ટર, રોગનિદાનના સોનોગ્રાફી વગેરે આધુનિક સાધનો સહિત ઓપરેશન પણ કરી શકે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં દેવગઢ બારીયાના કાળી ડુંગરી ગામ, ઝાલોદના ગરાડું ગામ અને દાહોદના મોટી લછેલી ગામની આસપાસના ૧૦ ગામો એમ કુલ ૩૦ ગામોને આ યોજનાનો લાભ મળશે.

જિલ્લા પશુપાલન અધિકારી શ્રી કમલેશ ગોસાઈએ જણાવ્યું કે, આ ગામોમાં પશુધનની સંખ્યા ૮૫૮૩૫ છે. આ ગામોમાં મોટી સંખ્યામાં પશુધન હોય આ વિસ્તાર પસંદ કરવામાં આવ્યા છે.

રાજય સરકાર દ્વારા ફાળવવામાં આવેલા વધુ ૩ મોબાઈલ પશુ દવાખાનાની સાથે જ જિલ્લામાં મોબાઈલ પશુ દવાખાનાની સંખ્યા ૧૬ થઈ છે. જિલ્લામાં પશુપાલન અગત્યનો વ્યવસાય હોય પશુપાલકો માટે ફરતા પશુદવાખાનાઓની અદ્યતન સારવાર આશીર્વાદરૂપ નીવડશે.

કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી અમરસિંહ રાઠવા, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા પંચાયતના સભ્યો, દેવગઢ બારીયાના પ્રાંત અધિકારી શ્રી એ.આઈ. સુથાર, તાલુકા વિકાસ અધિકારી શ્રી રાઠવા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ખૂબ જ મર્યાદિત સંખ્યામાં યોજાયેલા આ કાર્યક્રમમાં સામાજિક અંતર, સેનિટાઈઝેશન, ઉકાળા વિતરણ જેવા દરેક નિયમોનું ચુસ્તપણે પાલન કરવામાં આવ્યું હતું.

નગરજનોને હવે ઘરઆંગણે મળશે આયુર્વેદિક અને હોમિયોપેથીક સારવાર

# દાહોદ જિલ્લામાં નગરજનોની આરોગ્ય રક્ષા માટે પાંચ ધન્વંતરિ રથોનું આગમન



અભેસિંહ રાવલ દાહોદ

દાહોદ, તા. ૨ : દાહોદ જિલ્લા આરોગ્ય તંત્ર નાગરિકોની સ્વાસ્થ રક્ષા માટે પ્રતિબદ્ધ છે. જિલ્લામાં નગરજનોની આરોગ્યરક્ષા માટે પાંચ ધન્વંતરિ રથોને આજ રોજ લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવામાં આવ્યું છે. નગરજનોને હવે ઘરઆંગણે આયુર્વેદિક અને હોમિયોપેથીક સારવાર મળશે. દરેક ધન્વંતરિ રથમાં એક આયુર્વેદિક અને એક હોમીયોપેથીક તજજ્ઞ ઉપરાંત એક મહિલા આરોગ્યકર્મી અને એક ફામાર્સીસ્ટ પણ ઉપસ્થિત રહેશે.

જિલ્લા વિકાસ અધિકારી શ્રી રચિત રાજએ આ બાબતે માહિતી આપતા જણાવ્યું કે, કોરોના મહામારીના સમયમાં આયુર્વેદિક અને હોમિયોપેથીક દવાઓ ખૂબ જ કારગર સાબીત થઈ છે. ખાસ કરીને લોકોની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે આ એક ઉત્તમ વિકલ્પ છે. જિલ્લાના શહેરી વિસ્તારો જેમાં દાહોદ શહેરમાં ૩, ઝાલોદ અને દેવગઢ બારીયામાં એક-એક ધન્વંતરિ રથ જુદા જુદા વિસ્તારોમાં જઈ નગરજનોને ઘર આંગણે આરોગ્ય સેવા પૂરી પાડશે. નગરજનો પોતાની બિમારી માટે અહીંના તજજ્ઞ ડોક્ટર-વૈધ પાસેથી રોગનું નિદાન અને સારવાર નિઃશુલ્ક મેળવી શકશે.

આ ધન્વંતરિ રથમાં નાગરિકોના હિમોગ્લોબીન ટેસ્ટ અને શ્વાસોશ્વાસમાં તકલીફ થતી હોય તો પલ્સ ઓકસીમીટર ટેસ્ટ જેવી વ્યવસ્થા પણ કરવામાં આવી છે. નાગરિકોની સ્વાસ્થ રક્ષા માટે ધન્વંતરિ રથ દરેક વિસ્તારમાં ઘરે ઘરે જઈને આરોગ્ય સેવા પૂરી પાડશે.

# સુરેન્દ્રનગર જિલ્લા ના પ્રભારી સચિવ લીંબડી હોસ્પિટલની મુલાકાત લીધી



સુરેન્દ્રનગર જિલ્લા પ્રભારી સચિવ એ લીંબડી કોરોના પોઝીટીવ એરીયા જે કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરેલ છે તેની મુલાકાત કરેલ તેમજ કન્ટેન્ટમેન્ટ એરીયા તળાવ મહોલ્લા માં સગર્ભા બેન તેમજ અન્ય બે વ્યક્તિ ને કોરોના પોઝીટીવ આવતા આ વિસ્તારને કન્ટેન્ટમેન્ટ વિસ્તાર જાહેર કરેલ ત્યારે પ્રભારી સચિવ એ જે કોરોના પોઝિટિવ વિસ્તારમાં રહિશો રહે છે ત્યાં સ્થળ પર ની મુલાકાત લીધી હતી અને આરોગ્ય અધિકારીઓ સાથે વાતચીત કરેલ તેમજ વિસ્તારની આરોગ્ય તપાસણી બાબતે પુછપરછ પણ કરી હતી અને આરોગ્ય કર્મચારીઓને પણ રોજેરોજના ચેકઅપ બાબતે પુછપરછ કરી હતી

અને આજે પ્રભારી સચિવ લીંબડી સિવિલ હોસ્પીટલની મુલાકાત કરેલ જેમાં કોવીડ ૧૯ આઈશોલેશન વોર્ડની પણ મુલાકાત કરેલ અને કોરોન્ટાઈન વોર્ડની પણ મુલાકાત કરવામાં આવી હતી તેમજ લીંબડી હોસ્પીટલમાં કેટલો સ્ટાફ છે કેટલા સ્ટાફને કોવીડ ૧૯ ની ડયુટીમાં મુકવામાં આવ્યા છે અને હાલના સમયે લીંબડી હોસ્પીટલની પરીસ્થીતી ઉપર વિચારણા કરી હતી અને લીંબડી હોસ્પીટલના સ્ટાફ સાથે ચર્ચા કરી હતી

તેમજ જેમાં સુરેન્દ્રનગર જિલ્લા પ્રભારી સચિવ રાકેશ સંતર, સુરેન્દ્રનગર ડી.ડી.ઓ, તેમજ લીંબડી મામલતદાર મહાવીરસિંહ ઝાલા, લીંબડી પી.એસ.આઈ. સંજય વરૂ, લીંબડી ટી.એચ. ઓ. જૈમીન ઠક્કર, લીંબડી બ્લોક ઓફિસર મનોજ ભટ્ટ, તેમજ ડો. ચેતનભાઈ આચાર્ય, ડો. હાર્દિક સોલંકી, તેમજ અલગ અલગ તાલુકાની ટિમો, હોસ્પીટલના સુપ્રીટેન્ડન્સ હાજર રહયા હતા અને કોવીડ ૧૯ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. અને લીંબડી મામલતદાર તેમજ પી.એસ.આઈ. ખાસ સૂચના આપેલ કે માસ્ક પહેરિયા વગર બહાર નીકળતા લોકો સામે કડક માં કડક પગલાં લેવામાં આવે.

રિપોર્ટર-દિપકસિંહ વાઘેલા

# વલસાડ જિલ્લામાં લાંબા સમયના વિરામબાદ સાર્વત્રિક મેઘ કૃપાથી ખેડૂતોમાં આનંદો



સતિષ પટેલ

બ્યુરો ચીફ વલસાડ

વલસાડ જિલ્લામાં સતત ત્રીજા દિવસે કપરાડા, ધરમપુર અને પારડી ક્ષેત્રમાં મેઘકૃપા યથાવત્ રહી છે જેને પગલે ખેડૂતો માં ખુશીનીલહેર જોવા મળી છે.

વલસાડ જિલ્લામાં વર્ષોથી એવી માન્યતા છે કે મુંબઈમાં વરસાદ આવે પછી વલસાડ જિલ્લામાં પાંચ દિવસ વરસાદ ચાલુ થાય છે.મુંબઈ માં છેલ્લા ચાર દિવસથી વરસાદ ચાલુ છે. આજે પણ વહેલી સવારથી સવારથી મેઘો મંડાતા શહેરજનો ખુશખુશાલ થઈ ગયા હોવાનું જાણવા મળે છે હવામાન વિભાગે આગામી ૨૪ કલાક સુધી મુંબઈ તેમજ પરાં વિસ્તારોમાં ભારે વરસાદ સાથે ઓરેન્જ એલર્ટ પણ આપ્યું છે. રાજ્યોના છૂટાછવાયા ભાગોમાં અતિ ભારે વરસાદ પડવાની સંભાવના પણ વ્યક્ત કરવામાં આવી છે.ત્યારે હાલમાં મુંબઈમાં થઈ રહેલા ભારે વરસાદને પગલે દક્ષિણ ગુજરાતમાં પણ ધરતી પુત્રોમાં ખુશીની લહેર પ્રસરી છે.વલસાડ જિલ્લામાં આકાશી ખેતી પર નિર્ભર ખેડૂતો વાવણી લાયક વરસાદ પડયો હતો વાવણી કરવામાં આવી વરસાદ ખેંચાતા નુકસાન પણ ઘણું થયું છે. હાલમાં ખેડૂતો માટે રોપણી લાયક વરસાદ વરસી રહ્યો છે.વલસાડ જિલ્લામાં સાર્વત્રિક વરસાદ હવે પુરજોશમાં રોપણી નું કામ ચાલી રહ્યું છે.

ગામેગામ હાથ ધરાશે વૃક્ષા ગંગા અભિયાન

# ગુરુ પૂર્ણિમા પર્વની મોડાસા ગાયત્રી ચેતના કેન્દ્ર દ્વારા દિવ્ય ઉજવણી




મોટી ઈસરોલ, તા.૫

ભારતીય સંસ્કૃતિમાં ગુરુ પૂર્ણિમા પર્વ ગુરુ-શિષ્ય શ્રદ્ધા-સમર્પણ ભર્યા સંબંધોના સંકલ્પિત ભાવનાની પુનઃજાગૃતિ માટે ખૂબ જ અગત્યનો ઉત્સવ છે. ગાયત્રી પરિવાર,મોડાસાના અગ્રણી હરેશભાઈ કંસારાના જણાવ્યાનુસાર મોડાસા ખાતે ગાયત્રી પરિવાર દ્વારા દર વર્ષે ચાર દિવસીય ગુરુ પૂર્ણિમા પર્વ ઉજવણી કરવામાં આવતી હતી.

પરંતુ આ વર્ષે હાલની સૌના સામુહિક સ્વાસ્થ્ય સુરક્ષાની વિકટ પરિસ્થિતિ અનુસાર આ વખતે ગુરુ પૂર્ણિમા પર્વ ઉજવણી સૌ ગાયત્રી સાધકોને પોતાના ઘેર જ પણ સૌ એક જ નિરધારીત કરેલ સમયે જપ ,સાધના, ધ્યાન અને દરેક પોતાના ઘેર ગાયત્રી યજ્ઞ-ગુરુ પૂજન કરી ત્યાર બાદ સોસીયલ ડિસ્ટન્સીંગ પાલન તેમજ માસ્ક બાંધીને તથા સેનેટાઈઝથી સ્વચ્છતા સાથે ફક્ત દર્શનાર્થે ગાયત્રી ચેતના કેન્દ્ર ખાતે આવી તુરત જ પરત ફરવાનું આયોજન કરવામાં આવ્યું. શ્રી કંસારા એ ગુરુ પૂર્ણિમાનું મહત્વ સમજાવતા કહ્યું ગુરુ એ ભાવસંવેદનાની ગંગોત્રી છે. શિષ્યો માટે આત્મમૂલ્યાંકનનું પર્વ છે. પૂજ્ય ગુરુદેવ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજી દ્વારા રચિત ૩૨૦૦ પુસ્તકોની વિચારધારાને જીવનમાં ઉતારી જન જનમાં સદ્બબુદ્ધિ- સદચિંતન માટે તન-મન-ધનથી અથાગ પ્રયત્નો માટે આજે આપણે સૌ સંકલ્પિત બનવાનો અવસર છે.

ગાયત્રી પરિવાર યુવા સંગઠન,ગુજરાતના અગ્રણી શ્રી કિરીટભાઈ સોની એ વિશેષમાં સૌ સાધકોને આજ ગુરુ પૂર્ણિમા પર્વથી રક્ષાબંધન સુધી મોડાસા તેમજ આસપાસના ગામોમાં વૃક્ષ ગંગા અભિયાન અંતર્ગત તરુપૂત્ર, તરુમિત્ર રુપે વૃક્ષોના જતન માટે ઓનલાઈન મેસેજ દ્વારા સૌને સમજ આપી. એક મહિના દરમિયાન ગામે ગામ વૃક્ષારોપણ કાર્યક્રમ દરેક ગામના સ્થાનિક સાધકો દ્વારા ચલાવવા આયોજન કરવામાં આવ્યું છે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવારના મુખ્યાલય શાંતિકુંજ, હરિદ્વાર દ્વારા આજ ગુરુ પૂર્ણિમા પર્વ ઉજવણી પર દેશ વિદેશમાં કરોડો સાધકોને સોસીયલ મિડિયાના માધ્યમ દ્વારા વિશેષ સંદેશ તથા પૂજ્ય ગુરુદેવ દ્વારા શરું થયેલા વિચાર ક્રાંતિ અભિયાન દ્વારા યુગ પરિવર્તન હેતુ માનવમાત્રાને સદ્બુદ્ધિ માટે વિશેષ ગાયત્રી મહામંત્ર અને યજ્ઞીય પરંપરાને જીવનમાં આત્મસાત કરવા તથા આત્મનિરિક્ષણ કરી જીવનમાં સન્માર્ગે ચાલવા પ્રેરણા માટે અનેક પ્રકારના આંદોલન સ્થળ સંજોગો અનુસાર સૌની સ્વાસ્થ્યની સુરક્ષા જળવાઈ રહે તે રીતે તીવ્ર ગતિ લાવવા આહવાન કર્યું હતું.

# કેશોદમાં કન્યા કેળવણી માટે નથવાણી પરિવાર તરફથી અનોખી પ્રવૃત્તિ કરી



કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરમાં આજથી સિત્તેર વર્ષ પહેલાં વર્ષ ૧૯૫૧ માં કન્યા કેળવણી ને પ્રોત્સાહન આપવા સ્વ. જીવરાજભાઈ કેશવજીભાઈ નથવાણી દ્વારા પોતાની ધર્મપત્ની સ્વ. ગોદાવરીબાઈ નથવાણી નાં નામે માત્ર દિકરીઓ ને શિક્ષણ સાથે કેળવણી મળી રહે એવાં હેતુથી દાન આપીને ગોદાવરીબાઈ કન્યા વિદ્યાલય નું નિર્માણ કરવામાં આવ્યું હતું. સમય વિતી જવાની સાથે શિક્ષણ પધ્ધતિ માં આવેલી આધુનિકતા ને કારણે ગોદાવરીબાઈ કન્યા વિદ્યાલય માં એક કોમ્યુનિટી હોલ ની જરૂરિયાત હોવાનું સ્વ જીવરાજભાઈ કેશવજીભાઈ નથવાણી નાં પુત્ર જંયતિભાઈ નથવાણી ને શાળા નાં આચાર્ય અને શિક્ષકો દ્વારા રજુઆત કરવામાં આવી હતી. જે માંગણી સહર્ષ સ્વીકારી દાતા ના પરિવાર તરફથી વિશાળ સભાખંડ બંધાવી આપવામાં આવેલ છે. દાતા શ્રી જયંતીભાઈ જીવરાજભાઈ નથવાણી નાં ૮૫ માં જન્મ દિવસે કેશોદ ખાતે દાતાઓના પરિવારજનો અને જીલ્લા શિક્ષણાધિકારી તેમજ શાળાના આચાર્ય તથા શિક્ષકો ની ઉપસ્થિતિ માં લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જયંતીભાઈ જીવરાજભાઈ નથવાણી દ્વારા કેશોદ શહેરમાં આવેલી ગોદાવરીબાઈ કન્યા વિદ્યાલય માં ભવ્ય કોમ્યુનિટી હોલ અર્પણ કરી અનોખી રીતે યાદગાર જન્મ દિવસ ઉજવ્યો હતો.

# સોશિયલ સિસ્ટનસિંગનું પાલન કરી ભાજપના કાર્યકરો દ્વારા માત્ર ગુરુવંદનાના કાર્યક્રમો યોજાયા



મોટી ઈસરોલ, તા.૫

આ વર્ષે વૈશ્વિક કક્ષાએ સર્વત્ર કોરોના મહામારીના વધતા જતા સંક્રમણને કારણે ગુરુ પૂર્ણિમાના જાહેર કાર્યક્રમો નહિ યોજવા સાધુ,સંતો,મહંતો અને ગુરુજનોએ અગાઉથી જ જાહેરાત કરતા અરવલ્લી જિલ્લામાં ક્યાંય આવા જાહેર કાર્યક્રમો યોજાયા ન હતા.. પરંતુ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો દ્વારા ગાઈડલાઈનનું સંપૂર્ણપણે પાલન કરીને ગુરુ વંદનાના કરી હતી અને ગુરુપૂજન કરી શાલ ઓઢાડી ગુરુજનોનું સન્માન કર્યું હતું.

જેમાં આજરોજ જિલ્લા ભાજપના પ્રમુખ રણવીસિંહ ડાભી,જિલ્લા મંત્રી ગજાનંદભાઈ પ્રજાપતિ, આચાર્ય શામળભાઈ પ્રજાપતિ વગેરે દ્વારા ગુરુ વંદના કાર્યકમ અંતર્ગત

વક્તાપુર આશ્રમે સદગુરુ લાલજી મહારાજ ,ગોઢ-કુશકી ગામે તેમજ ઈસરોલ ગામે રામદેવ ઉપાસક પૂ. હીરાદાદા ના સન્નીધ્યે જઈને ગુરુ વંદના, ગુરુ ઓઉજન કરી શાલ ઓઢાડીને ગુરુજનોનું સન્માન કર્યું હતું અને આશીર્વાદ મેળવ્યા હતા. અરવલ્લી જિલ્લામાં આજે અષાઢી પૂનમે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભારે ઉમંગ ઉલ્લાસ વચ્ચે ઠેર ઠેર ગુરુપૂર્ણિમા મહોત્સવ નિમિત્તે ભાજપના જિલ્લા પ્રમુખ રણવીસિંહ ડાભી,મહામંત્રી શામળભાઈ પટેલ,મોડાસા તાલુકા પ્રમુખ ભીખુસિંહ હિમતસિંહ પરમાર,મહામંત્રી રમેશભાઈ પટેલ,અંકિતભાઈ પટેલ વગેરે દ્વારા સાયરા, સાલમપુર અને મોટી ઈસરોલ પૂ.હીરાદાદા સહિત ગુરુજનોના આશ્રમો અને નિવાસ સ્થાનોમાં જઈને ગુરુ વંદના કરી હતી.ગુરુજનોનું પૂજન કરી શાલ ઓઢાડી સન્માન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

આ કાર્યક્રમો ખબ જ સીમિત કાર્યકરો દ્વારા અને કોરોના સંક્રમણ સામેના સાવચેતીના પગલારૂપે એની ગાઈડલાઈનનું સંપૂર્ણ પાલન કરીને અને માસ્ક પહેરી તેમજ સોશિયલ ડિસ્ટન્સ જાળવીને આ કાર્યક્રમો યોજ્યા હતા.

આવા કાર્યક્રમો દરેક તાલુકામાં જે તે તાલુકા -શહેર મંડલોના પ્રમુખ-મહામંત્રીઓ..કાર્યકરો દ્વારા કરવામાં આવ્યા હતા.

# માણાવદર ત્રંબકેશ્ર્વર મહાદેવ મંદિરે સાદાઈથી ગુરુપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવી



આ વર્ષે કોરોના વાયરસને લઈને સાદગી પૂર્ણ રીતે માણાવદર ના સુપ્રસિધ્ધ ત્રંબકેશ્ર્વર મહાદેવ મંદિરે ગુરૂપૂર્ણિમા ની ઉજવણી કરવામાં આવી હતી જેમાં સવારથી ગુરૂ પૂજન ,રઘુવીરદાસબાપુ ના પાદુકા પૂજન ,સમાધી નું પુજન અર્ચન કરી ઉજવણી કરવામાં આવી

અંધકારમાંથી જે બહાર લાવે તે ગુરૂ જીવ સાથે શિવનું એકાકીકરણ કરાવે તે ગુરૂ વિષ પી અમૃત નું પાન કરાવી અમરત્વ પ્રદાન કરાવે તે જ સાચા ગુરૂ ધ્યાન કરવા યોગ્ય ગુરૂજી ના ચરણકમળ છે અને મનન કરવા યોગ્ય ગુરૂજી નું વાકય છે અને મુક્તિ નો હેતું ગુરૂ કૃપા છે આજે ગુરૂપૂર્ણિમા માં ના દિવસે માણાવદર વાસીઓએ જેમને ખરા હદયથી પોતાના હદયસ્થાને બેસાડયા છે એવા બ્રાહ્મલીન ૧૦૮ શ્રી રઘુવીરદાસબાપુ ની આરસની પ્રતિમાનું સરકાર ની ગાઈડ લાઈન મુજબ મોંઢે માસ્ક અને શોશ્યલ ડિસ્ટન્સ જાળવીને પૂજન કરવામાં આવ્યું હતુ આખા ગુજરાત માં માણાવદર નું ત્રંબકેશ્ર્વર મહાદેવ મંદિર એવું છે કે જ્યા બે બે પોઠીયા સાથે શિવજી ની પૂજા થાય છે આ મંદિર ની સ્થાપના રઘુવીરદાસબાપુ એ કરેલ છે તેમ મંદિર ના ટ્રસ્ટી મનિષ ખખ્ખરે જણાવ્યું હતુ

તસ્વીર - જયદીપ બરવાડીયા

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK